સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 04

[JAN - 2023]
[22/01/23 to 28/01/23]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

CONTACT US : 93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**22 JAN-2023**


- દાવોસ સમિટ 2023 : વર્લ્ડ ઈકોનોમિક ફોરમ ... 02
- ચોથી ઔદ્યોગિક ક્રાંતિ માટે WEF સેન્ટર હૈદરાબાદમાં સ્થાપિત થશે... 04
- 17th Annual Status of Education Report (ASER) 2022... 06
- QUESTION ANSWERS ... 09


**23 JAN-2023**


- દિવસ મહિમા : 23 જાન્યુઆરી, પરાક્રમ દિવસ... 10
- શ્રી પ્રવીણ શર્માની નેશનલ હેલ્થ ઓથોરિટીના ડિરેક્ટર તરીકે નિમણૂક... 13
- ચાર્જશીટ જાહેર દસ્તાવેજ નથી, તેને સાર્વજનિક ના કરી શકાય : સુપ્રીમ કોર્ટ... 14
- QUESTION ANSWERS ... 17


**24 JAN-2023**


- દિવસ મહિમા : 24 જાન્યુઆરી, વિશ્વ શિક્ષણ દિવસ, રાષ્ટ્રીય બાલિકા દિવસ... 18
- સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ 2023... 19
- 21 આંદામાન અને નિકોબાર ટાપુઓનું નામ પરમવીર ચક્ર પુરસ્કાર વિજેતાઓના નામ પરથી રાખવામાં આવ્યું... 20
- ચરાઈદેવ મોઈદામ : આસામ... 22
- QUESTION ANSWERS ... 24


**25 JAN-2023**


- દિવસ મહિમા : 25 જાન્યુઆરી, રાષ્ટ્રીય મતદાન દિન (National Voter's Day), રાષ્ટ્રીય પર્યટન દિવસ... 25
- BharOS : ઓપરેટિંગ સિસ્ટમ... 26
- વીર ગાર્ડિયન 2023 અભ્યાસ : ભારત-જાપાન... 27
- QUESTION ANSWERS ... 29


**26 JAN-2023**


- દિવસ મહિમા : 26 જાન્યુઆરી, રાષ્ટ્રીય પ્રજાસત્તાક દિવસ, વિશ્વ કસ્ટમ દિવસ... 30
- ન્યૂઝિલેન્ડના નવા વડાપ્રધાન : ક્રિસ હિપકિન્સ... 39
- ભારતના સ્થાપત્યના એકયુગનો અંત : આર્કિટેક શ્રી બાલકૃષ્ણ દોશીનું નિધન... 39
- QUESTION ANSWERS ... 42


**27 JAN-2023**


- પદ્મ પુરસ્કાર - 2023... 43
- ગુજરાતના નવા મુખ્ય સચિવ : શ્રી રાજકુમાર... 46
- QUESTION ANSWERS ... 47


**28 JAN-2023**


- દિવસ મહિમા : 28 જાન્યુઆરી, ડેટા ગોપનીયતા દિવસ (Data Privacy Day), શ્રી લાલા લજપતરાય જન્મજયંતિ... 48
- સિંધુ જળ સંધિ... 49
- રાષ્ટ્રીય બાળ પુરસ્કાર 2023... 50
- QUESTION ANSWERS ... 52

ONLY LINER ... 53

QUESTION OF THIS WEEK ... 57


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દાવોસ સમિટ 2023 : વર્લ્ડ ઈકોનોમિક ફોરમ

તાજેતરમાં સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં વાર્ષિક 'વર્લ્ડ ઈકોનોમિક ફોરમ' (WEF) સમિટની 53મી આવૃત્તિ યોજાઈ હતી.

### થીમ

દાવોસ સમિટ 2023ની થીમ 'Cooperation in a Fragmented World' છે.

- જેનો ગુજરાતીમાં અર્થ થાય છે 'ખંડિત વિશ્વમાં સહકાર'.

### દાવોસ સમિટ 2023ના મુખ્ય મુદ્દાઓ

#### ચીફ ઈકોનોમિસ્ટ આઉટલુક




આ સમિટમાં 'મુખ્ય અર્થશાસ્ત્રી આઉટલુક' અથવા 'ચીફ ઈકોનોમિસ્ટ આઉટલુક' શરૂ કરવામાં આવ્યું હતું.

- જેમાં સર્વસંમતિથી કહેવામાં આવ્યું હતું કે સર્વેમાં સામેલ બે તૃતીયાંશ લોકોએ વર્ષ 2023માં વૈશ્વિક મંદીની સંભાવના વ્યક્ત કરી હતી.
- તેમાં વૃદ્ધિ, ફુગાવો અને નાણાકીય અને રાજકોષીય નીતિ માટેના દષ્ટિકોણ સહિત આર્થિક દષ્ટિકોણના મુખ્ય પ્રવાહોનો સમાવેશ થાય છે.
- તે ગ્રીન ટ્રાન્ઝિશન, ડિજિટલ ટ્રાન્ઝિશન અને ભવિષ્યની નોકરીઓ માટે વર્તમાન અને ભાવિ વર્કફોર્સને કૌશલ્ય બનાવવાનું મહત્વ આપે છે.

#### આબોહવા પર વાણિજ્ય મંત્રીઓનું ગઠબંધન

આબોહવા પર વાણિજ્ય મંત્રીઓનું નવું ગઠબંધન શરૂ કરવામાં આવ્યું હતું.

- જે આબોહવા, વેપાર અને ટકાઉ વિકાસ પર આંતરરાષ્ટ્રીય સહકારને પ્રોત્સાહન આપવા માટે 50થી વધુ દેશોને એક સાથે લાવે છે.
- વિશ્વભરના હિતધારકોએ મુક્ત વેપાર માટે ભાર મુક્યો હતો.
- વિભાજન દ્વારા ચિહ્નિત વર્તમાન વૈશ્વિક આર્થિક પરિદૃશ્યમાં પણ 'મુક્ત વેપાર પ્રણાલી' જેણે વૈશ્વિક આર્થિક વૃદ્ધિમાં ફાળો આપ્યો છે અને માનવતાની સ્વતંત્રતામાં વધારો કર્યો છે અને તેને ક્યારેય નકારી શકાય નહીં.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ગ્લોબલ વિલેજ કોઓપરેશન

**WEF**એ તેના પોતાના મેટાવર્સ પ્લેટફોર્મના રોલઆઉટની જાહેરાત કરી હતી, જેને '<u>ગ્લોબલ કોલેબોરેશન વિલેજ</u>' કહેવામાં આવે છે.

## આબોહવા પરિવર્તન

આબોહવા સંકટને ધિરાણ આપવાની સમસ્યાને ઉકેલવા અને પરોપકારી મૂડીનો લાભ ઉઠાવવા માટે '<u>ગિવિંગ ટુ એમ્પ્લીફાઈ અર્થ એક્શન (GAEA)</u> નામની એક નવી પહેલ શરૂ કરવામાં આવી હતી.

- તે આબોહવા પરિવર્તન અને પર્યાવરણીય અધોગતિ સામે લડવા માટે જાહેર અને ખાનગી સ્ત્રોતોમાંથી દર વર્ષે આવશ્યક <u>3 ટ્રિલિયન અમેરિકી ડોલર</u>ની મદદ કરવા પરોપકારી મૂડીનો ઉપયોગ કરશે.
- <u>ગિવિંગ ટુ એમ્પ્લીફાઈ અર્થ એક્શન (GAEA)</u> એ 45થી વધુ મુખ્ય પરોપકારી, જાહેર અને ખાનગી ક્ષેત્રના ભાગીદારો દ્વારા સમર્થિત ગ્રાઉન્ડ બ્રેકિંગ પહેલ છે.

## ભારતીય પરિપ્રેક્ષ્ય શું હતા ?

આ વર્ષે ભારત સાથે ફોરમના સહયોગને <u>36 વર્ષ</u> પૂર્ણ થયા છે.

- આ સમિટમાં ભારતનું પ્રતિનિધિત્વ ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ દ્વારા કરવામાં આવ્યું છે, જેમાં કેન્દ્રીય મંત્રી, મુખ્યમંત્રી, વેપારી અગ્રણીઓ વગેરે સામેલ છે.
- **WEF**માં ભારતના ફોકસ ક્ષેત્રો રોકાણની તકો, માળખાકીય લેન્ડસ્કેપ અને તેની સમાવિષ્ટ અને ટકાઉ વિકાસ હતો.
- વર્લ્ડ ઈકોનોમિક ફોરમના સ્થાપક અને કાર્યકારી અધ્યક્ષ <u>ક્લાઉસ શ્વાબે</u> જણાવ્યું હતું કે વૈશ્વિક કટોકટી વચ્ચે ભારત એક તેજસ્વી સ્થળ છે.
- ભારત તેના <u>G20 અધ્યક્ષપદ દરમિયાન</u> વિશ્વના તમામ લોકો માટે ન્યાયી અને સમાન વિકાસને પ્રોત્સાહન આપી રહ્યું છે.
- કોવિડ-19 મહામારી પછી ભારતે ઘણી અડચણો દૂર કરી છે અને પોતાની જાતને સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્ર તરીકે સ્થાપિત કરી છે.
- આ સમિટ પ્રસંગે ભારત દ્વારા '<u>ઈન્ડિયા એટ 100 : રીઅલાઈઝિંગ ધ પોટેન્શિયલ ઓફ 26 ટ્રિલિયન ઈકોનોમિ</u>' શિર્ષકનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો.
- આ અહેવાલ મુજબ ભારતની અર્થવ્યવસ્થા <u>2047</u> સુધીમાં અથવા દેશની <u>આઝાદીના 100માં વર્ષ</u> સુધીમાં <u>26 ટ્રિલિયન યુએસ ડોલર</u> પહોંચી જશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તે ભારતીય અર્થવ્યવસ્થાના વિકાસના માર્ગની રૂપરેખા આપે છે અને આગામી દાયકાઓમાં કોઈપણ મોટા અર્થતંત્રના ઉચ્ચતમ સ્તરે પહોંચવાનો અંદાજ છે.

## WEF

**WEFનું પૂરું નામ 'World Economic Forum's' છે.**

- વર્લ્ડ ઈકોનોમિક ફોરમ એ એક સ્વિસ બિન–લાભાકારી સંસ્થા છે.
- જેની સ્થાપના વર્ષ **1971**માં સ્વિત્ઝર્લેન્ડના જીનીવામાં થઈ હતી.
- તેના સ્થાપક અને કાર્યકારી અધ્યક્ષ શ્રી ક્લાઉસ શ્વાબ છે.
- તે સ્વિસ સરકાર દ્વારા જાહેર–ખાનગી સરકાર માટેની આંતરરાષ્ટ્રીય સંસ્થા તરીકે ઓળખાય છે.
- **WEF** વૈશ્વિક પ્રાદેશિક અને ઉદ્યોગ પ્રોજેક્ટને આકાર આપવા માટે વ્યવસાય, રાજકીય, શૈક્ષણિક અને સમાજના અન્ય પ્રતિનિધિઓને સામેલ કરીને વિશ્વની સ્થિતિ સુધારવા માટે પ્રતિબદ્ધ છે.

નોંધ : પૂર્વી સ્વિત્ઝર્લેન્ડના રેટિયન આલ્પસમાં લેન્ડવાસર નદી પર આવેલું દાવોસ એ એક રિસોર્ટ ટાઉન છે જેમાં બે ગામો ડેવોસ–પ્લાટ્ઝ અને ડેવોસ–ડોર્ફ છે.

## ચોથી ઔદ્યોગિક ક્રાંતિ માટે WEF સેન્ટર હૈદરાબાદમાં સ્થાપિત થશે

તાજેતરમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ **(WEF)**એ ચોથી ઔદ્યોગિક ક્રાંતિ માટે કેન્દ્ર **(C4IR)** સ્થાપવા માટે તેલંગાણાના હૈદરાબાદની પસંદગી કરી છે.

- **C4IR (Center for Fourth Industrial Revolution)** તેલંગાણા એક સ્વાયત્ત, બિન–લાભકારી સંસ્થા હશે. જે આરોગ્ય સંભાળ અને જીવન વિજ્ઞાન પર ધ્યાન કેન્દ્રિત કરશે.

## ચોથી ઔદ્યોગિક ક્રાંતિ

તે ડેટા દ્વારા સંચાલિત ડિજિટલ, ભૌતિક અને જૈવિક વિશ્વો વચ્ચેની સીમાઓને અસ્પષ્ટ કરવા માટે ટેક્નોલોજીના ઉપયોગ દ્વારા વર્ગીકૃત થયેલ છે.

- મુખ્ય તકનીકોમાં ક્લાઉડ કમ્પ્યૂટિંગ, બિગ ડેટા, સ્વાયત્ત રોબોટ્સ, સાયબર સુરક્ષા, સિમ્યુલેશન, એડિટિવ મેન્યુફેક્ચરિંગ અને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ **(IOT)**નો સમાવેશ થાય છે.
- **4IR** શબ્દ વર્ષ **2016**માં **WEF**ના કાર્યકારી અધ્યક્ષ ક્લાઉસ શ્વાબ દ્વારા બનાવવામાં આવ્યો હતો.

## ઉદાહરણો

## પેસમેકર



પેસમેકર એ ચાલી રહેલી ચૌથી ઔદ્યોગિક ક્રાંતિ (4IR)નું નજીકનું સંપૂર્ણ ઉદાહરણ છે.

- પેસમેકરના ચાર વાયરલેસ સેન્સર તાપમાન, ઓક્સિજનનું સ્તર અને હૃદયની વિદ્યુત પ્રવૃત્તિ જેવી મહત્વપૂર્ણ બાબતોનું નિરીક્ષણ કરે છે.
- આ ઉપકરણ જે નાડીઓનું વિશ્લેષણ કરે છે અને નક્કી કરે છે કે હૃદયને ક્યારે ધબકવું તથા કેટલી ગતિ પ્રદાન કરવી. તથા ડોક્ટરો ટેબ્લેટ અથવા સ્માર્ટફોન પર વાયરલેસ રીતે માહિતી મેળવી શકે છે.

## ઝેનોબોટ્સ



પ્રથમ જીવંત રોબોટ્સનું નામ ઝેનોબોટ્સ (Xenobots) છે.

- તેને આફ્રિકન પંજાવાળા દેડકા (ઝેનોપસ્લાવિસ)ના સ્ટેમ સેલમાંથી બનાવવામાં આવ્યો છે અને તેને કૃત્રિમ બુદ્ધિનો ઉપયોગ કરીને પ્રોગ્રામ કરી શકાય છે.
- અમેરિકાના વૈજ્ઞાનિકોની ટીમ દ્વારા ઓક્ટોબર 2021માં તેની પ્રજનન ક્ષમતા સાબિત કરી હતી.
- જ્યારે વૈજ્ઞાનિકોએ ઝેનોબેટ્સને પેટ્રી ડીશમાં મૂક્યા ત્યારે તેઓ તેમના મોંની અંદર સેંકડો નાના સ્ટેમ સેલ એકત્રિત કરવામાં સક્ષમ હતા. અને થોડા દિવસ પછી નવા ઝેનોબોટ્સ બનાવ્યા હતા.
- એકવાર યોગ્ય રીતે વિકસિત થઈ ગયા પછી ઝેનોબોટ્સ માઈક્રોપ્લાસ્ટિકને સાફ કરવા અને માનવ શરીરની અંદરના મૃત કોષો અને પેશીઓને બદલવા અથવા પુનઃનિર્માણ જેવા કાર્યો માટે ફાયદાકારક હોઈ શકે છે.

## સ્માર્ટ રેલવે કોચ



નવેમ્બર, 2020માં ઉત્તરપ્રદેશના રાયબરેલીમાં આધુનિક કોચ ફેક્ટરીએ (MCF) સ્માર્ટ રેલવે કોચ શરૂ કર્યો હતો.

- જે મુસાફરોને આરામદાયક અનુભવ આપવા માટે સેન્સરથી સજ્જ છે.
- આ સેન્સર શૌચાલયોમાં ગંધના સ્તરને મોનિટર કરવામાં, દરવાજા સુરક્ષિત રીતે બંધ છે કે તે તપાસવામાં તથા આગ ફાટી નિકળતા અટકાવવામાં મદદ કરે છે.

નોંધ : (1) પ્રથમ ઔદ્યોગિક ક્રાંતિ (1800ના દાયકામાં)એ ઉત્પાદનને યાંત્રિક બનાવવા માટે પાણી અને વરાળ શક્તિનો ઉપયોગ કર્યો હતો. ઉદાહરણ તરીકે સ્ટીમ એન્જિન.

(2) બીજી ઔદ્યોગિક ક્રાંતિ (1900ની શરૂઆતમાં) મોટાપાયે ઉત્પાદન માટે વીજળીનો ઉપયોગ કર્યો હતો.

(3) ત્રીજી ઔદ્યોગિક ક્રાંતિ (1900ના દાયકાના અંતમાં)માં ઉત્પાદનને સ્વચાલિત કરવા માટે ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી તકનીકનો ઉપયોગ કર્યો હતો. ઉદાહરણ તરીકે કમ્પ્યૂટર અને ઈન્ટરનેટ.

## 17th Annual Status of Education Report (ASER) 2022



તાજેતરમાં NGO પ્રથમ દ્વારા 17મો 'વાર્ષિક શિક્ષણ અહેવાલ' (Annual Status of Education Report-ASER), 2022 બહાર પાડવામાં આવ્યો હતો.

- આ રિપોર્ટ શિક્ષણ પર મહામારીની અસરને પ્રકાશિત કરે છે.
- રિપોર્ટમાં શાળાઓમાં બાળકોની ઉચ્ચ નોંધણીનો ખુલાસો થયો છે. જે નિપુણ ભારત મિશન જેવા સરકારી કાર્યક્રમો માટે સારુ પ્રદર્શન સૂચક છે.

### ASER રિપોર્ટના મુખ્ય તારણો

#### એકંદર નોંધણી

6 થી 14 વર્ષની વય જૂથ માટે એકંદર નોંધણીના આંકડા 2018માં 97.2%થી વધીને 2022માં 98.4% થયા છે.

#### સરકારી શાળાઓમાં નોંધણી

ASER 2022 મુજબ દેશમાં સરકારી શાળાઓમાં બાળકોના પ્રવેશમાં વધારો જોવા મળ્યો છે.

- સરકારી શાળાઓમાં નોંધાયેલા બાળકો (6 થી 14 વર્ષની વયના)નું પ્રમાણ 2018માં 65.6%થી વધીને 2022માં 72.9% થયું હતું.

#### નોંધણી ન કરાયેલ છોકરીઓનું પ્રમાણ

11-14 વર્ષની વય જૂથ માટે શાળાઓમાં નોંધણી ન કરાયેલ છોકરીઓનું પ્રમાણ 2018માં 4.1%થી 2022માં 2% થયું હતું. તે નોંધપાત્ર સુધારો અને સકારાત્મક વિકાસ છે.

- તે સૂચવે છે કે શિક્ષણમાં લિંગ સમાનતાને પ્રોત્સાહન આપવાના પ્રયાસો અસરકારક રહ્યા છે અને શાળાઓમાં છોકરીઓની નોંધણી વધારવામાં મદદ કરી છે.

**નોંધ :** 15 થી 16 વર્ષની છોકરીઓની નોંધણી ન થઈ હોય તેનું પ્રમાણ સતત ઘટી રહ્યું છે, જે 2022માં 7.9% રહ્યું છે. માત્ર ત્રણ રાજ્યોમાં આ વય જૂથની 10%થી વધુ છોકરીઓ શાળા બહાર છે : મધ્યપ્રદેશ (17%), ઉત્તરપ્રદેશ (15%) અને છત્તીસગઢ (11.2%).

## મૂળભૂત શિક્ષણ અને અંક ગણિત કૌશલ્ય

ભારતમાં ધોરણ 3 અને ધોરણ 5ના નાના બાળકોના મૂળભૂત વાંચન અને અંકગણિત કૌશલ્યોમાં ઘટાડો થયો છે.

- ધોરણ 3ના વિદ્યાર્થીઓની ટકાવારી જેઓ ઓછામાં ઓછી બાદબાકી કરવામાં સક્ષમ હતા તે 2018માં 28.2%થી ઘટીને 2022માં 25.9% થઈ ગયા હતા.
- દેશભરમાં ધોરણ 5ના બાળકોનું પ્રમાણ જેઓ ડિવિઝન અથવા ભાગાકાર કરી શકે છે તે 2018માં 27.9% થી થોડું ઘટીને 2022માં 25.6% થયું છે.

## પેઈડ ખાનગી ટ્યૂશન વર્ગો

રાષ્ટ્રીય સ્તરે ધોરણ 1 થી 8માં પેઈડ ખાનગી ટ્યૂશન વર્ગો લેનારા બાળકોનું પ્રમાણ 2018માં 26.4%થી વધીને 2022માં 30.5% થયું છે.

## શિક્ષક અને વિદ્યાર્થીની હાજરી

રાષ્ટ્રીય સ્તરે વિદ્યાર્થીઓ અને શિક્ષકોની હાજરીમાં કોઈ મોટો ફેરફાર જોવા મળતો નથી.

- સરેરાશ શિક્ષકની હાજરી થોડી વધી છે, જે 2018માં 85.4%થી 2022માં 87.1 થઈ છે.
- છેલ્લા ઘણા વર્ષોથી સરેરાશ વિદ્યાર્થીઓની હાજરી લગભગ 72% પર રહે છે.

## શાળા સુવિધાઓ

ઉપયોગ કરી શકાય તેવા કન્યા શૌચાલય ધરાવતી શાળાઓનો અંશ 2018માં 66.4%થી વધીને 2022માં 68.4% થયો હતો.

- પીવાના પાણીની ઉપલબ્ધતા ધરાવતી શાળાઓનું પ્રમાણ 74.8% થી વધીને 76% થયું છે.
- અને વિદ્યાર્થીઓ દ્વારા પાઠ્યપુસ્તકો સિવાયના પુસ્તકોનો ઉપયોગ કરવામાં આવતી શાળાઓનું પ્રમાણ સમાન સમયગાળા દરમિયાન 36.9%થી વધીને 44% થયું છે.
- મોટા ભાગના રમત–ગમત સંબંધિત સૂચકાંકો પણ 2018માં અવલોકન કરાયેલા સ્તરોની નજીક રહે છે.
- 2022માં 68.9% શાળાઓમાં રમતનું મેદાન છે, જે 2018ના 66.5%થી થોડું વધારે છે.

# Annual Status Of Education Report - 2022

## ASER

- NGO પ્રથમ દ્વારા આ રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો.
- વર્ષ 2005 થી દર વર્ષે હાથ ધરવામાં આવે છે.
- ઉદ્દેશ્ય : ગ્રામીણ ભારતમાં બાળકો શાળામાં નોંધાયેલા છે કે કેમ તેઓ શીખી રહ્યા છે કે કેમ એ..... સમજાવવાનો ઉદ્દેશ્ય છે.

## એકંદર નોંધણી (ઉંમર 6-14)

2018 : 97.2%

2022 : 98.4%

**સરકારી શાળાઓમાં નોંધાયેલા બાળકો (ઉંમર 6-14)**

2018 : 65.6%

2022 : 72.9%

**શાળામાં નોંધાયેલ ન હોય તેવી છોકરીઓનું પ્રમાણ (ઉંમર 11-14)**

2018 : 4.1%

2022 : 2%

## શાળા સુવિધાઓ

- ઉપયોગ કરી શકાય તેવા કન્યા શૌચાલય ધરાવતી શાળાઓનો અંશ 2018ના 66.4%થી વધી 2022માં 68.4% થયો.
- 2022માં 68.9% શાળાઓમાં રમતનું મેદાન છે. (2018માં 66.5%)



ધોરણ 1 થી 8માં પેઈડ ખાનગી ટ્યૂશન લેનારા બાળકોનું પ્રમાણ 2018ના 26.4%થી વધીને 2022માં 30.5% થયું.



## ASER શું છે ?

Annual Status of Education Report (ASER) એ વાર્ષિક, નાગરિક આગેવાની હેઠળનો ઘરગથ્થુ સર્વેક્ષણ છે.

- જેનો ઉદ્દેશ્ય એ સમજાવવાનો છે કે..... ગ્રામીણ ભારતમાં બાળકો શાળામાં નોંધાયેલા છે કે કેમ અને તેઓ શિખી રહ્યા છે કે કેમ.....
- ASER ભારતના તમામ ગ્રામીણ જિલ્લાઓમાં 2005થી દર વર્ષે હાથ ધરવામાં આવે છે.

1. તાજેતરમાં સ્વિત્ઝર્લેન્ડના દાવોસમાં વાર્ષિક 'વર્લ્ડ ઈકોનોમિક ફોરમ' (WEF) સમિટ (દાવોસ સમિટ)ની કેટલામી આવૃત્તિ યોજાઈ હતી ? (જાન્યુઆરી, 2023)

(A) 50મી (B) 51મી (C) 52મી (D) 53મી **(D)**

2. દાવોસ સમિટ 2023ની થીમ શું હતી ?

(A) Cooperation in a Fragmented World

(B) One Earth - One Family - on Future

(C) Realising Opportunities of the 21st Century for all

(D) Financial Markets and The World Economy **(A)**

3. WEF વિશે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) તેનું પૂરું નામ 'World Economic Forum's છે.

(B) તે એક સ્વિસ બિન લાભાકારી સંસ્થા છે.

(C) તેની સ્થાપના વર્ષ 1971માં સ્વિત્ઝર્લેન્ડના જીનીવામાં થઈ હતી.

(D) ઉપરોક્ત તમામ સાચા છે. **(D)**

4. તાજેતરમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)એ ચોથી ઔદ્યોગિક ક્રાંતિ માટે કેન્દ્ર (C4IR) સ્થાપવા માટે ______ ની પસંદગી કરી છે.

(A) બેંગ્લોર (B) હૈદરાબાદ (C) અમદાવાદ (D) મુંબઈ **(B)**

5. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ 'Annual Status of Education Report' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ રિપોર્ટ 'NGO પ્રથમ' દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો.
2. આ રિપોર્ટ અનુસાર 6 થી 14 વર્ષની વય જૂથ માટે એકંદર નોંધણીના આંકડા 2018ના 97.2%થી વધીને 2022માં 98.4% થયા છે.
3. 11-14 વર્ષની વય જૂથ માટે શાળાઓમાં નોંધણી ન કરાયેલ છોકરીઓનું પ્રમાણ 2018ના 4.1%થી 2022માં 2% થયું હતું.
4. સરકારી શાળાના પ્રવેશમાં એકંદર 39% ઘટાડો થયો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 1, 2 અને 4 (C) ફક્ત 1, 3 અને 4 (D) ફક્ત 2 અને 3 **(A)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 23 જાન્યુઆરી, પરાક્રમ દિવસ

શ્રી સુભાષચંદ્ર બોઝનો જન્મદિન 23 જાન્યુઆરી ભારતમાં 'પરાક્રમ દિવસ' તરીકે ઉજવાય છે.

- આ દિવસ વર્ષ 2021 પહેલા 'રાષ્ટ્રીય દેશ પ્રેમ દિન' તરીકે જાણીતો હતો.
- શ્રી સુભાષચંદ્ર બોઝનો જન્મ 23 જાન્યુઆરી, 1897ના રોજ ઓડિશાના કટક ખાતે થયો હતો.
- તેમના પિતાનું નામ શ્રી રાયબહાદુર જાનકીનાથ તથા માતાનું નામ શ્રીમતી પ્રભાવતીદેવી હતું.
- તેમણે ઈ.સ. 1921માં લંડનમાં આઈ.સી.એસ.ની પરીક્ષા પાસ કરી હતી. પરંતુ અંગ્રેજ સરકારની નોકરી સ્વીકારી ન હતી.
- બાદમાં તેઓ 'અખિલ ભારત ટ્રેડ યુનિયન'ના પ્રમુખ બન્યા હતા.



### શ્રી સુભાષચંદ્ર બોઝ અને કોંગ્રેસ

શ્રી સુભાષચંદ્ર બોઝ 1938માં કોંગ્રેસના હરિપુરા અધિવેશનના અધ્યક્ષ બન્યા હતા.

- ત્યારબાદ 1939માં મહાત્મા ગાંધીજીના પ્રતિનિધિ શ્રી પટ્ટાભી સિતારમૈયાને હરાવીને કોંગ્રેસના ત્રિપુરી અધિવેશનના અધ્યક્ષ બન્યા હતા.
- જોકે, ત્યારબાદ મહાત્મા ગાંધીજી સાથે મતભેદ થતાં માર્ચ, 1939માં કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ફોરવર્ડ બ્લોકની સ્થાપના

કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ શ્રી સુભાષચંદ્ર બોઝે 3 મે, 1939ના રોજ'ફોરવર્ડ બ્લોક'ની સ્થાપના કરી હતી.

- સપ્ટેમ્બર, 1939 દરમિયાન દ્વિતીય વિશ્વયુદ્ધમાં અંગ્રેજોએ ભારતને આ વિશ્વયુદ્ધમાં બ્રિટનના પક્ષે સામેલ કર્યું હતું. આથી તેના વિરોધમાં શ્રી સુભાષચંદ્ર બોઝ અને ફોરવર્ડ બ્લોકના સભ્યો દ્વારા યુદ્ધ વિરોધી ભાષણો આપવાની શરૂઆત કરવામાં આવી હતી.
- આ યુદ્ધ વિરોધી ભાષણોને લીધે જુલાઈ, 1940માં શ્રી સુભાષબાબુની ધરપકડ થઈ હતી. આ સમય દરમિયાન જેલમાં ઉપવાસને લીધે તેમની તબિયત લથડતા તેમને નજરકેદ કરવામાં આવ્યા હતા.
- અને 1941માં નજરકેદમાંથી છટકીને પેશાવર-કાબુલના માર્ગે થઈને તેઓ જર્મની પહોંચ્યા હતા.

## એડોલ્ફ હિટલર સાથે મુલાકાત

શ્રી સુભાષચંદ્ર બોઝે 1941માં જર્મનીમાં જર્મનીના સરમુખત્યાર શાસક એડોલ્ફ હિટલર સાથે મુલાકાત કરી હતી.

- અને શ્રી સુભાષચંદ્ર બોઝે જૂન 1941માં જર્મનીના બર્લિન રેડિયો પરથી જ અંગ્રેજો વિરુદ્ધ યુદ્ધની જાહેરાત કરી હતી.
- તેમણે જર્મનીમાં 'આઝાદ હિંદ રેડિયો'ની સ્થાપના કરી હતી.

## આઝાદ હિંદ ફોજનું નવનિર્માણ



અંગ્રેજો વિરુદ્ધ લડાઈ માટે શ્રી રાસબિહારી બોઝે જાપાનની સહાયથી જાપાનના ટોકિયોમાં જૂન 1942માં 'આઝાદ હિંદ ફોજ'ની રચના કરી હતી.

- 7 જુલાઈ, 1943ના રોજ શ્રી સુભાષચંદ્ર બોઝે તેની કમાન સંભાળી હતી.
- અને આઝાદ હિંદ ફોજનું નવનિર્માણ કરીને તેમણે નહેરુ બ્રિગેડ, આઝાદ બ્રિગેડ, સુભાષ બ્રિગેડ અને ગાંધી બ્રિગેડની રચના કરી હતી.
- આ ઉપરાંત આઝાદ હિંદ ફોજમાં મહિલાઓ માટે ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ બ્રિગેડની પણ રચના કરી હતી. જેનું નેતૃત્વ તેમણે શ્રીમતી લક્ષ્મી સહેગલને સોંપ્યું હતું.
- શ્રી સુભાષચંદ્ર બોઝે 5 જુલાઈ, 1943ના રોજ સિંગાપોરથી આઝાદ હિંદ ફોજને 'દિલ્હી ચલો'નો નારો આપ્યો હતો.

(**ખાસ નોંધ :** મહાત્મા ગાંધીજી દ્વારા 1940-41માં શરૂ કરવામાં આવેલો 'વ્યક્તિગત સત્યાગ્રહ' 'દિલ્હી ચલો ચળવળ' તરીકે પણ ઓળખાય છે. આથી, 'દિલ્હી ચલો'ના નારા સાથે શ્રી સુભાષચંદ્ર બોઝનું નામ જોડાયેલું છે. જ્યારે 'દિલ્હી ચલો ચળવળ' સાથે મહાત્મા ગાંધીજીનું નામ સંકળાયેલું છે.)

- શ્રી સુભાષચંદ્ર બોઝે આઝાદ હિંદ ફોજનું વડુંમથક સિંગાપોરથી ખસેડીને મ્યાનમારના રંગૂન ખાતે તેની સ્થાપના કરી હતી.

**નોંધ :** આઝાદ હિંદ ફોજ અંગ્રેજીમાં "Indian National Army' (INA) તરીકે ઓળખાય છે.

## આઝાદ હિંદ સરકાર

21 ઓક્ટોબર, 1943ના રોજ શ્રી સુભાષચંદ્ર બોઝે સિંગાપોરમાં ભારતની પ્રથમ સ્વતંત્ર સરકારની રચના કરી હતી.

- આ સરકારને 'આઝાદ હિંદ સરકાર' નામ આપવામાં આવ્યું હતું.

- આ સરકારનું મુખ્યમથક **સિંગાપોર** ઉપરાંત મ્યાનમારના **રંગૂન** ખાતે પણ સ્થાપવામાં આવ્યું હતું.
- આ સરકારને **જર્મની, જાપાન, ઈટલી, ફિલિપાઈન્સ, કોરિયા, ચીન, મંચુરિયા, ક્રોએશિયા, થાઈલેન્ડ, બર્મા (મ્યાનમાર) અને આયરલેન્ડ** વગેરે દેશોએ માન્યતા આપી હતી.
- ભારત બહાર બ્રિટિશ શાસન વિરુદ્ધ લડાઈ લડવા માટે સ્થાપવામાં આવેલી આ સરકારને પોતાની બેંક હતી, પોતાનું ચલણ હતું, પોતાની ટપાલ ટિકિટ હતી, પોતાની ગુપ્તચર સેવા હતી.
- **શ્રી સુભાષચંદ્ર બોઝ** આ સરકારના **રાષ્ટ્રપતિ**, **વડાપ્રધાન** અને **યુદ્ધમંત્રી** હતા.
- આ સરકારની સ્થાપના માટે શ્રી સુભાષચંદ્ર બોઝ **જર્મની**થી **સબમરિન** દ્વારા દક્ષિણ એશિયા આવ્યા હતા. અને પછી ત્યાંથી **જાપાન** થઈને **સિંગાપોર** પહોંચ્યા હતા.
- શ્રી સુભાષચંદ્ર બોઝે સ્થાપેલી આ સરકાર **'અર્જી-હુકૂમત-એ-આજાદ'** અથવા તો **'સ્વાધીન ભારતની અંતરિમ સરકાર'** તરીકે પણ ઓળખાય છે.
- શ્રી સુભાષચંદ્ર બોઝે સ્થાપેલી આ 'આઝાદ હિંદ સરકાર' **અખંડ અને અવિભાજિત ભારતની દેશ બહાર બનેલી પ્રથમ સરકાર** હતી.

## નેતાજી સુભાષચંદ્ર બોઝ દ્વારા આંદમાનમાં તિરંગાને સલામી

બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન જાપાન અને નેતાજીની સંયુક્ત સેનાએ **આંદમાન-નિકોબાર ટાપુ** જીતી લીધા હતા.

- આ પ્રસંગે **શ્રી સુભાષચંદ્ર બોઝે 30 ડિસેમ્બર, 1943**ના રોજ **આંદમાન નિકોબાર** ટાપુના **પોર્ટબ્લેર** ખાતે પહેલી વખત તિરંગો લહેરાવીને તેને સલામી આપી હતી.
- અને આંદમાન નિકોબારને બ્રિટિશ શાસનથી મુક્ત જાહેર કર્યો હતો.
- આમ, બ્રિટિશ શાસનમાંથી મુક્ત થનાર ભારતનો પ્રથમ પ્રદેશ **આંદમાન નિકોબાર** જ હતો.
- શ્રી સુભાષચંદ્ર બોઝે **આંદમાન દ્વીપનું** નામ બદલીને **'શહીદ દ્વીપ'** અને **નિકોબાર દ્વીપનું** નામ બદલીને **'સ્વરાજ દ્વીપ'** રાખ્યું હતું. અને તેમણે INAના જનરલ **શ્રી એ. ડી. લોગનાથન**ને તેના શાસક નિયુક્ત કર્યા હતા.

## મહાત્મા ગાંધીજીને રાષ્ટ્રપિતાનું બિરુદ

**મહાત્મા ગાંધીજી**ને **'રાષ્ટ્રપિતા'**નું બિરુદ **શ્રી સુભાષચંદ્ર બોઝે** જ આપ્યું હતું.

- આ માટે **6 જુલાઈ, 1944**ના રોજ **રંગૂનથી આઝાદ હિન્દ રેડિયો** પર પોતાના ભાષણમાં તેમણે કહ્યું હતું કે, "ભારતની આઝાદીના આ પવિત્ર યુદ્ધમાં **ભારતના 'રાષ્ટ્રપિતા'**ના ચરણોમાં વંદન. દેશની આઝાદી માટે આપના આશીર્વાદ જોઈએ છે."

## નેતાજીનું નિધન

શ્રી સુભાષચંદ્ર બોઝ 18 ઓગસ્ટ, 1945ના રોજ શ્રી હબીબ ઉર રહેમાન સાથે ટોકિયો જવા નીકળ્યા હતા. પરંતુ તાઈવાન પાસેના ફોર્મોસા ટાપુ પર તેમના વિમાનને આગ લાગતા રહસ્યમય સંજોગોમાં તેમનું મૃત્યુ થયું હતું.

નોંધ : (1) શ્રી સુભાષચંદ્ર બોઝે આપેલો 'જય હિન્દ'નો નારો ભારતનો 'રાષ્ટ્રીય નારો' બની ગયો છે.

(2) 'તુમ મુઝે ખૂન દો, મૈં તુમ્હે આઝાદી દૂંગા'નો નારો પણ શ્રી સુભાષચંદ્ર બોઝે જ આપ્યો હતો.

## ઈન્ડિયા ગેટ પર નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતિમા

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાન્યુઆરી 2022માં નેતાજી સુભાષચંદ્ર બોઝના જન્મદિવસ નિમિત્તે નવી દિલ્હીમાં ઈન્ડિયા ગેટ ખાતે નેતાજી સુભાષચંદ્ર બોઝની હોલોગ્રામ પ્રતિમાનું અનાવરણ કર્યુ હતું.

- ત્યારબાદ વર્ષ 2022ના અંત સુધીમાં આ હોલોગ્રામ પ્રતિમાની જગ્યાએ ગ્રેનાઈટની પ્રતિમા મૂકી હતી.
- આ ગ્રેનાઈટ પ્રતિમા નેતાજીના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અપાર યોગદાનને યોગ્ય શ્રદ્ધાંજલી છે અને તે દેશની તેમના પ્રત્યેના ઋણનું પ્રતિક છે.
- મુખ્ય શિલ્પકાર એવા શ્રી અરુણ યોગીરાજ દ્વારા બનાવવામાં આવેલ 28 ફૂટ ઊંચી પ્રતિમા મોનોલિથિક ગ્રેનાઈટ પથ્થરમાંથી કોતરેલી છે. આ ગ્રેનાઈટની પ્રતિમાનું વજન 65 મેટ્રિક ટન છે.
- નોંધનીય છે કે વર્ષ 2023 માં નેતાજી સુભાષચંદ્ર બોઝની 126મી જન્મ જયંતિ છે.

## શ્રી પ્રવીણ શર્માની નેશનલ હેલ્થ ઓથોરિટીના ડિરેક્ટર તરીકે નિમણૂક

તાજેતરમાં શ્રી પ્રવીણ શર્માને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળ 'નેશનલ હેલ્થ ઓથોરિટી' (આયુષ્માન ભારત ડિજિટલ મિશન)ના ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનેલ એન્ડ ટ્રેનિંગ (DOPT) દ્વારા જારી કરાયેલા આદેશ અનુસાર શ્રી પ્રવીણ શર્માને સેન્ટ્રલ સ્ટાફિંગ સ્કીમ હેઠળ ચાર્જ સંભાળ્યાની તારીખથી અથવા આગળના આદેશો સુધી પાંચ વર્ષના સમયગાળા માટે આ પદ પર નિયુક્ત કરવામાં આવ્યા છે.
- શ્રી પ્રવીણ શર્મા 2005 બેચના ઈન્ડિયન ડિફેન્સ સર્વિસ ઓફ એન્જિનિયર્સ (IDSE) અધિકારી છે.

## નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA)

નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA) એ 'આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY)' તરીકે ઓળખાતી ભારતની જાહેર આરોગ્ય વીમા યોજનાના અમલીકરણ માટે જવાબદાર સંસ્થા છે.

- NHAની સ્થાપના સ્તરે PM-JAYને લાગુ કરવા માટે કરવામાં આવી હતી.

## આયુષ્માન ભારત ડિજિટલ મિશન

આયુષ્માન ભારત ડિજિટલ મિશન 27 સપ્ટેમ્બર, 2021ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવ્યું હતું.

- તેનો ઉદ્દેશ્ય તમામ ભારતીય નાગરિકોને હોસ્પિટલોની એક્સેસ પ્રદાન કરવાનો છે.
- વીમા કંપનીઓને જ્યારે જરૂર પડે ત્યારે ઈલેક્ટ્રોનિક રીતે હેલ્થ રેકોર્ડ એક્સેસ કરવામાં મદદ કરવા માટે ડિજિટલ હેલ્થ આઈડી પ્રદાન કરવામાં આવશે.
- તે માત્ર હોસ્પિટલોની પ્રક્રિયાઓને સરળ બનાવતી નથી પરંતુ જીવનની સરળતા પણ વધારે છે.
- આયુષ્માન ભારત ડિજિટલ મિશનની અમલીકરણ એજન્સી આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળ 'નેશનલ હેલ્થ ઓથોરિટી' (NHA) છે.

## ચાર્જશીટ જાહેર દસ્તાવેજ નથી, તેને સાર્વજનિક ના કરી શકાય : સુપ્રીમ કોર્ટ

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે પોલીસ, CBI અને ED દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટને ડોમેનમાં અને સરકારી વેબસાઈટ્સ (સૌરવ દાસ વિ–યુનિયન ઓફ ઈન્ડિયા અને ઓઆરએસ) પર પ્રકાશિત કરવાની અરજીને ફગાવી દીધી હતી.

- સુપ્રીમ કોર્ટે ચૂકાદો આપ્યો હતો કે ચાર્જશીટ 'જાહેર દસ્તાવેજો' નથી અને ચાર્જશીટ માટે સ્વતંત્ર જાહેર એક્સેસને સક્ષમ કરવાથી ક્રિમિનલ પ્રોસિજર કોડ (CrPC)ની જોગવાઈઓનું ઉલ્લંઘન થાય છે.
- કારણ કે તે આરોપી, પીડિતા અને તપાસ એજન્સીઓના અધિકારોનું ઉલ્લંઘન કરે છે.
- નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને પત્રકાર શ્રી સૌરવ દાસે પોલીસ ચાર્જશીટને સામાન્ય જનતા માટે પબ્લિક ડોમેનમાં મૂકવાની માંગ કરી હતી.
- વધુમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે વેબસાઈટમાં FIR મૂકવી એ ચાર્જશીટને સાર્વજનિક બનાવવા સમાન ગણી શકાય નહીં.

### ચાર્જશીટ

ક્રિમિનલ પ્રોસિજર કોડ (CrPC)ની કલમ 173માં ચાર્જશીટની જોગવાઈ કરવામાં આવી છે.

- CrPCની કલમ-173 મુજબ પોલીસ અધિકારી પોલીસ તપાસ પૂર્ણ થયે 'ચાર્જશીટ' તૈયાર કરે છે.
- CrPCની કલમ-173 હેઠળ વ્યાખ્યાયિત ચાર્જશીટ એ કેસની તપાસ પૂર્ણ કર્યા પછી પોલીસ અધિકારી અથવા તપાસ એજન્સી દ્વારા તૈયાર કરવામાં આવેલ અંતિમ અહેવાલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM

- કે વીરસ્વામી વિ. યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય (1991)ના કેસમાં સુપ્રીમ કોર્ટે ચૂકાદો આપ્યો હતો કે ચાર્જશીટ CrPCની કલમ 173(2) હેઠળ પોલીસ અધિકારીનો અંતિમ અહેવાલ છે.
- ચાર્જશીટને ગુજરાતીમાં 'તહોમતનામું' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- 60-90 દિવસના નિર્ધારિત સમયગાળામાં આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરવી જોઈએ. અન્યથા ધરપકડ ગેરકાયદેસર ગણવામાં આવશે અને આરોપી જામીન મેળવવા હકદાર બનશે.
- પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીએ , પોલીસ રિપોર્ટ ઉપરથી ગુનાની વિચારણા શરૂ કરવાની સતા ધરાવતા મેજિસ્ટ્રેટને, રાજ્ય સરકારે ઠરાવેલા નમૂનામાં, નીચેની વિગતો જણાવતો રિપોર્ટ મોકલવો જોઈશે.

(a) પક્ષકારોના નામ.

(b) માહિતીનો પ્રકાર.

(c) કેસના સંજોગોથી માહિતીગાર જણાય તે વ્યક્તિઓના નામ;

(d) ગુનો થયો કે કેમ, અને જો થયો તો, કોણે કર્યો છે તે.

(e) આરોપીને પકડવામાં આવ્યો છે કે કેમ

(f) પોતાના મુચરકા (જાત જામીન) ઉપર તેને છોડેલ હોય, તો જામીન લઈને કે જમીન લીધા વિના

(g) કલમ 170 અંતર્ગત તેને કસ્ટડીમાં મોકલી આપેલ છે કે કેમ.

ઉપરોક્ત તમામ મહત્વપૂર્ણ પ્રશ્નો છે જેના જવાબ ચાર્જશીટમાં મળવા જોઈએ.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ICE ®

## FIR અને ચાર્જશીટ વચ્ચેનો તફાવત

'ચાર્જશીટ શબ્દ CrPCની કલમ 173 હેઠળ વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે.

- જ્યારે FIRને ન તો ભારતીય દંડ સંહિતા (IPC) અથવા CrPCમાં વ્યાખ્યાયિત કરવામાં આવી છે.
- પરંતુ FIR CrPCની કલમ 154 હેઠળ પોલીસ નિયમો અથવા કોગ્નિઝેબલ કેસમાં માહિતી અથવા પોલીસ અધિકારોના કેસોમાં ખબર સાથે સંબંધિત છે.
- ચાર્જશીટ એ તપાસના અંતે ફાઈલ કરવામાં આવેલ અંતિમ અહેવાલ છે.
- જ્યારે પોલીસ પાસે કોગ્નિઝેબલ ગુનો હોય ત્યારે 'કોઈપણ ઘટનાની પ્રથમ માહિતી' તરીકે FIR દાખલ કરવામાં આવે છે.
- FIR કોઈ વ્યક્તિનો અપરાધ નક્કી કરતી નથી, પરંતુ ચાર્જશીટમાં પુરાવા પણ હોય છે. અને તેનો ઉપયોગ ટ્રાયલ દરમિયાન આરોપી પર જે ગુનાનો આરોપ મૂકવામાં આવ્યો હોય તે સાબિત કરવા માટે થાય છે.

નોંધ : (1) FIRનું પૂરું નામ '<u>First Information Report</u>' છે.
(2) FIRને ગુજરાતીમાં '<u>પ્રથમ માહિતી અહેવાલ</u>' તરીકે ઓળખવામાં આવે છે.

## ચાર્જશીટ જાહેર દસ્તાવેજ કેમ નથી ?

સુપ્રીમ કોર્ટના જણાવ્યા મુજબ ચાર્જશીટ સાર્વજનિક રૂપે ઉપલબ્ધ કરી શકાતી નથી. કારણ કે તે <u>પુરાવા અધિનિયમ, 1872</u>ની <u>કલમ 74 અને 76</u> હેઠળ '<u>જાહેર દસ્તાવેજ</u>' નથી.

- ભારતીય પુરાવા અધિનિયમ, 1872 (અથવા એવિડન્સ એક્ટ)ની <u>કલમ-74 મુજબ</u> જાહેર દસ્તાવેજો નીચે મુજબના છે :
  - (a) સાર્વભૌમ સત્તાધિકારીનો
  - (b) સરકારી સંસ્થાઓના અને ટ્રિબ્યૂનલોના
  - (c) ભારતના અથવા કોમનવેલ્થના કોઈ ભાગના અથવા કોઈપણ દેશ/વિદેશના, કાયદાકીય, ન્યાયિક અને વહીવટી સરકારી અધિકારીઓના કાર્યો રૂપે હોય અથવા તેમના કાર્યોના રેકોર્ડ રૂપે હોય તે દસ્તાવેજો.
- તેમાં કોઈપણ રાજ્યમાં રાખવામાં આવેલા ખાનગી દસ્તાવેજો પણ શામેલ છે.
- આ વિભાગમાં ઉલ્લેખિત દસ્તાવેજો સાર્વજનિક દસ્તાવેજો છે અને તેની પ્રમાણિત નકલો તેમની કસ્ટડી ધરાવતા જાહેર સત્તાવાળાઓ દ્વારા પૂરી પાડવામાં આવશ્યક છે.
- આવશ્યક સાર્વજનિક દસ્તાવેજો સાથે ચાર્જશીટની નકલ આ કલમ હેઠળ જાહેર દસ્તાવેજો છે એમ કહી શકાય નહીં.
- જ્યારે ભારતીય પુરાવા અધિનિયમની કલમ 76 જાહેર દસ્તાવેજોની પ્રમાણિત નકલો સંબંધિત છે.
- ભારતીય પુરાવા અધિનિયમની કલમ 75માં દર્શાવ્યા મુજબ કલમ 74 સિવાયના તમામ દસ્તાવેજો ખાનગી દસ્તાવેજો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



| | | |
|---|---|---|
| **1.** ભારતમાં દર વર્ષે 23 જાન્યુઆરીની કયા દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે ?<br>(A) રાષ્ટ્રીય રક્તદાન દિન (B) પરાક્રમ દિવસ<br>(C) રાષ્ટ્રીય પ્રેમ દિન (D) આઝાદ હિંદ ફોઝ દિન | | (B) |
| **2.** ભારતમાં કયા મહાન વ્યક્તિના જન્મદિનને ‘પરાક્રમ દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે ?<br>(A) શ્રી મહાત્મા ગાંધીજી (B) શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ<br>(C) શ્રી રાસબિહારી બોઝ (D) શ્રી સુભાષચંદ્ર બોઝ | | (D) |
| **3.** શ્રી સુભાષચંદ્ર બોઝનો જન્મ ક્યારે અને કયાં થયો હતો ?<br>(A) 23 જાન્યુઆરી, 1887, કટક (B) 23 જાન્યુઆરી, 1897, કટક<br>(C) 23 જાન્યુઆરી, 1887, કોલકાતા (D) 23 જાન્યુઆરી, 1897, કોલકાતા | | (B) |
| **4.** તાજેતરમાં ‘નેશનલ હેલ્થ ઓથોરિટી’ (NHA)ના ડિરેક્ટર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?<br>(A) શ્રી અરૂણ શર્મા (B) શ્રી પ્રવીણ શર્મા<br>(C) શ્રી અમિત શર્મા (D) શ્રી ચંદ્રજય શર્મા | | (B) |
| **5.** તાજેતરમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે ‘ચાર્જશીટ જાહેર દસ્તાવેજ નથી’... આ ચાર્જશીટનો ઉલ્લેખ નીચેના પૈકી કયા કાયદામાં કરવામાં આવ્યો છે ?<br>(A) ક્રિમિનલ પ્રોસિજર કોડ, 1973 (B) ક્રિમિનલ પ્રોસિક્યૂટેર કોડ, 1973<br>(C) ક્રિમિનલ પ્રોહિબિટેડ કોડ, 1973 (D) ક્રિમિનલ પ્રુવેડ કોડ, 1973 | | (A) |
| **6.** FIRનું પૂરું નામ જણાવો ?<br>(A) First Investigation Record (B) First Information Record<br>(C) First Investigaton Report (D) First Information Report | | (D) |
| **7.** CrPCની કઈ કલમ મુજબ પોલીસ અધિકારી પોલીસ તપાસ પૂર્ણ થયે ‘ચાર્જશીટ’ તૈયાર કરે છે ?<br>(A) કલમ - 173 (B) કલમ - 181 (C) કલમ - 162 (D) કલમ - 168 | | (A) |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 24 જાન્યુઆરી, (1) વિશ્વ શિક્ષણ દિવસ (2) રાષ્ટ્રીય બાલિકા દિવસ

### વિશ્વ શિક્ષણ દિવસ

સમગ્ર વિશ્વમાં 24 જાન્યુઆરીના રોજ 'વિશ્વ શિક્ષણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.



- આ દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 2019થી થયો છે.
- આ અંતર્ગત 24 જાન્યુઆરી, 2019ના રોજ 'પ્રથમ વિશ્વ શિક્ષણ દિવસ' અથવા તો 'પ્રથમ આંતરરાષ્ટ્રીય શિક્ષણ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
- સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 3 ડિસેમ્બર, 2018ના રોજ આ દિવસની ઉજવણીનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.
- 'વિશ્વ શિક્ષણ દિવસ'ની ઉજવણી માટેનો આ પ્રસ્તાવ નાઈજીરિયા સહિત 58 દેશોએ તૈયાર કર્યો હતો.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ વિશ્વ શાંતિ તથા વિશ્વના વિકાસમાં શિક્ષણની ભૂમિકાને ઉજાગર કરવાનો છે.

નોંધ : 'વિશ્વ શિક્ષણ દિવસ' 24 જાન્યુઆરીના રોજ ઉજવવામાં આવે છે, જ્યારે ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષણ દિવસ' 11 નવેમ્બરના રોજ ઉજવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ©

### રાષ્ટ્રીય બાલિકા દિવસ

ભારતમાં દર વર્ષે 24 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય બાલિકા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.



- ભારતમાં છોકરીઓ પ્રત્યેના ભેદભાવ દૂર કરવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતમાં નારી શક્તિના પ્રતીક એવા શ્રીમતી ઈન્દિરા ગાંધી સૌપ્રથમ 24 જાન્યુઆરીના રોજ ભારતના વડાપ્રધાન બન્યા હતા. આથી 24 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય બાલિકા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

નોંધ : ભારતમાં દર વર્ષે 24 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય બાલિકા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. જ્યારે 'વિશ્વ બાલિકા દિવસ' 11 ઓક્ટોબરના રોજ ઉજવાય છે.

## સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ 2023

23 જાન્યુઆરી, 2023ના રોજ શ્રી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિ નિમિત્તે વર્ષ 2023ના 'સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ'ની જાહેરાત કરવામાં આવી હતી.

- આ અંતર્ગત સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ 2023ના વિજેતા નીચે મુજબ છે :

(1) ઓડિશા સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (OSDMA)

(2) લુંગલી ફાયર સ્ટેશન (LFS), મિઝોરમ

- ઓડિશા સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (OSDMA) અને લુંગલી ફાયર સ્ટેશન (LFS), મિઝોરમ એમ બંનેને ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં તેમના શ્રેષ્ઠ કાર્ય માટે 'સંસ્થાકીય કેટેગરી'માં પસંદ કરવામાં આવી છે.
- વર્ષ 2023માં વ્યક્તિગત કેટેગરીમાં કોઈ એવોર્ડ એનાયત થયો નથી ફક્ત સંસ્થાકીય કેટેગરીમાં એવોર્ડ મળ્યો છે.

### OSDMA

ઓડિશા સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (OSDMA)ની સ્થાપના 1999માં સુપર સાયક્લોન પછી કરવામાં આવી હતી.

- OSDMAએ ઓડિશા ડિઝાસ્ટર રિસ્પોન્સ એક્શન ફોર્સ (ODRAF), મલ્ટી–હેઝાર્ડ અર્લી વોર્નિંગ સર્વિસ (MHEWS) ફ્રેમવર્ક અને SATARK નામનું અત્યાધુનિક ટેક્નોલોજી સક્ષમ વેબ અથવા સ્માર્ટફોન આધારિત પ્લેટફોર્મ સહિત અનેક પહેલો શરૂ કરી છે.
- OSDMAએ ઘણા બધા ચક્રવાતો સામે સારો પ્રતિસાદ આપ્યો છે.

### લુંગલી ફાયર સ્ટેશન, મિઝોરમ

લુંગલી ફાયર સ્ટેશન, મિઝોરમએ લુંગલેઈ(લુંગલી) શહેરની આસપાસના નિર્ઝન જંગલ વિસ્તારોમાં 24 એપ્રિલ, 2021ના રોજ લાગેલી વિશાળ જંગલ આગને અસરકારક રીતે પ્રતિસાદ આપ્યો હતો.

- સ્થાનિક નાગરિકોની મદદથી લુંગલી ફાયર સ્ટેશનના કર્મચારીઓએ 32 કલાકથી વધુ સમય સુધી સતત કામ કર્યું હતું.

### સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ

ભારતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ 2019 થી આ એવોર્ડનો પ્રારંભ થયો છે.

- ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંગેની વિશિષ્ટ કામગીરી બદલ ભારતીય નાગરિક અથવા સંસ્થાને દર વર્ષે આ એવોર્ડ એનાયત થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતમાં શ્રી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિ નિમિત્તે દર વર્ષે 23 જાન્યુઆરીના રોજ આ એવોર્ડ વિજેતાઓની જાહેરાત કરવામાં આવે છે.
- આ એવોર્ડ 'સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ' અથવા તો 'સુભાષચંદ્ર બોઝ આપત્તિ વ્યવસ્થાપન એવોર્ડ' તરીકે ઓળખાય છે.
- આ એવોર્ડ અંતર્ગત સંસ્થાઓની કેટેગરીમાં વિજેતા સંસ્થાને રૂ. 51 લાખ રોકડ ધનરાશી અને એક પ્રમાણપત્ર આપવામાં આવે છે.
- જ્યારે વ્યક્તિગત કેટેગરીમાં વિજેતા વ્યક્તિને રૂ. 5 લાખ રોકડા અને એક પ્રમાણપત્ર આપવામાં આવે છે.

**સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ વિજેતા**

| ક્રમ | વર્ષ | કેટેગરી | સંસ્થા/વ્યક્તિ |
|---|---|---|---|
| 1 | 2019 | સંસ્થા | – NDRFની 8મી બટાલિયન, ગાઝિયાબાદ |
| 2 | 2020 | સંસ્થા | – આપત્તિ નિવારણ અને સંચાલન કેન્દ્ર, ઉત્તરાખંડ |
| | | વ્યક્તિગત | – શ્રી કુમાર મુન્નનસિંહ |
| 3 | 2021 | સંસ્થા | – સસ્ટેનેબલ એન્વાયરમેન્ટ એન્ડ ઈકોલોજીકલ ડેવલપમેન્ટ સોસાયટી (SEEDS) |
| | | વ્યક્તિગત | – ડૉ. રાજેન્દ્રકુમાર ભંડારી |
| 4 | 2022 | સંસ્થા | – ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ (GIDM) |
| | | વ્યક્તિગત | – શ્રી વિનોદ શર્મા |
| 5 | 2023 | સંસ્થા | – ઓડિશા સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (OSDMA) |
| | | | – લુંગલી ફાયર સ્ટેશન (LFS), મિઝોરમ |

## 21 આંદામાન અને નિકોબાર ટાપુઓનું નામ પરમવીર ચક્ર પુરસ્કાર વિજેતાઓના નામ પરથી રાખવામાં આવ્યું

તાજેતરમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પરાક્રમ દિવસ એટલે કે નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજંયતિના અવસર પર આંદામાન અને નિકોબાર જૂથના 21 ટાપુઓના નામ બદલવાની જાહેરાત કરી હતી.

- આ ટાપુઓના નામ પરમવીર ચક્ર પુરસ્કાર વિજેતાઓના નામ પરથી રાખવામાં આવ્યા છે.

## 21 આંદામાન અને નિકોબાર ટાપુઓની યાદી

| ક્રમ | પરમવીર ચક્ર પુરસ્કાર | આંદામાન અને નિકોબાર ટાપુઓના નામ |
|---|---|---|
| 1 | મેજર સોમનાથ શર્મા | સોમનાથ ટાપુ |
| 2 | સુબેદાર અને માનદ કેપ્ટન (તત્કાલીન લાન્સ નાઈક) કરમસિંહ | કરમસિંહ ટાપુ |
| 3 | લેફ્ટનન્ટ રામા રાઘોબા રાણે | રાણે ટાપુ |
| 4 | નાયક જદુનાથ સિંહ | જદુનાથ ટાપુ |
| 5 | કંપની હવાલદાર મેજર પીરુ સિંઘ | પીરુ ટાપુ |
| 6 | કેપ્ટન જી.એસ.સલારિયા | સલારિયા ટાપુ |
| 7 | લેફ્ટનન્ટ કર્નલ (તત્કાલીન મેજર) ધનસિંહ થાપા | ધનસિંહ ટાપુ |
| 8 | સુબેદાર જોગીન્દર સિંહ | જોગીન્દર ટાપુ |
| 9 | મેજર શિતાન સિંહ | શિતાન સિંહ ટાપુ |
| 10 | CQMS અબ્દુલ હમીદ | હમીદ ટાપુ |
| 11 | લેફ્ટનન્ટ કર્નલ અરદેશર બુર્જોરજી તારાપોર | તારાપોર ટાપુ |
| 12 | લાન્સ નાઈક આલ્બર્ટ એક્કા | એક્કા ટાપુ |
| 13 | મેજર હોશિયાર સિંહ | હોશિયાર ટાપુ |
| 14 | 2nd લેફ્ટનન્ટ અરુણ ખેત્રપાલ | ખેત્રપાલ ટાપુ |
| 15 | ફ્લાઈંગ ઓફિસર નિર્મલજીત સિંહ સેખોન | સેખોન ટાપુ |
| 16 | મેજર રામાસ્વામી પરમેશ્વરન | રામાસ્વામી ટાપુ |
| 17 | નાયબ સુબેદાર બાના સિંહ | બાના ટાપુ |
| 18 | કેપ્ટન વિક્રમ બત્રા | બત્રા ટાપુ |
| 19 | લેફ્ટનન્ટ મનોજ કુમાર પાંડે | પાંડે ટાપુ |
| 20 | સુબેદાર મેજર સંજયકુમાર | સંજય ટાપુ |
| 21 | સુબેદાર મેજર નિવૃત્ત (માનદ કેપ્ટન) ગ્રેનેડિયર યોગેન્દ્ર સિંહ યાદવ | યોગેન્દ્ર ટાપુ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ચરાઈદેવ મોઈદામ : આસામ

કેન્દ્ર સરકારે આ વર્ષે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ માટે આસામના 'ચરાઈદેવ મોઈદામ'ને નોમિનેટ કરવાનો નિર્ણય કર્યો છે.

- વર્તમાનમાં ઉત્તર પૂર્વ ભારતમાં સાંસ્કૃતિક વારસાની કેટેગરીમાં કોઈ વર્લ્ડ હેરિટેજ સાઈટ નથી.

### ચરાઈદેવ મોઈદામ

ચરાઈદેવ મોઈદામ અથવા મૈદામ એ આસામમાં તાઈ અહોમ સમુદાયની ઉત્તર મધ્યકાલીન (13મી–19મી સદી) ટેકરા દફન પરંપરાનું પ્રતિનિધિત્વ કરે છે.



- ચરાઈદેવ જેને સામાન્ય રીતે 'આસામના પિરામિડ' તરીકે ઓળખવામાં આવે છે.
- તે અહોમ રાજાઓની મૂળ રાજધાની હતી.
- તે અહોમ વંશના સભ્યોના નશ્વર અવશેષોને સમાવિષ્ટ કરે છે, જેમને તેમની સામગ્રી સાથે દફનાવવામાં આવ્યા હતા.
- અત્યાર સુધીમાં અન્વેષણ કરાયેલા 386 મોઈદામમાંથી ચરાઈદેવ ખાતે 90 શાહી દફનવિધિઓ અહોમની ટેકરાની દફન પરંપરાના શ્રેષ્ઠ સંરક્ષિત, પ્રતિનિધિ અને સૌથી સંપૂર્ણ ઉદાહરણો છે.
- ચરાઈદેવનો શાબ્દિક અર્થ અહોમ ભાષામાં 'ટેકરીઓ પર ચમકતું શહેર' થાય છે.
- આ સ્થળ માટીના ઢગલાથી ઢંકાયેલા હોય છે અને બહારથી તે ગોળાર્ધ પણ દેખાય છે.

### અહોમ સામ્રાજ્ય

આસામની બ્રહ્મપુત્રા ખીણમાં વર્ષ 1228માં સ્થપાયેલ અહોમ સામ્રાજ્યએ 600 વર્ષ સુધી તેનું સાર્વભૌમત્વ જાળવી રાખ્યું હતું.

- 13મી સદીમાં અહોમ રાજ્યના સ્થાપક શ્રી છોલુંગ સુકફા (Chaolung Sukapha) હતા.
- અહોમ વંશએ આસામ પર છ સદીઓ સુધી શાસન કર્યુ હતું.
- અહોમ લોકોએ ભુઈયાં (જમીનદારો)ની જૂની રાજકીય વ્યવસ્થાનો અંત લાવ્યો અને એક નવું રાજ્ય બનાવ્યું હતું.
- અહોમ સામ્રાજ્ય બળજબરીથી મજૂરી પર આધારિત હતું. રાજ્ય માટે આ પ્રકારનું શ્રમ કરનારાઓને પાઈક કહેવાતા.

INSTITUTE FOR COMPETITIVE

- અહોમ સમાજ કુળોમાં વહેંચાયેલો હતો. અને રાજ્યના વિસ્તરણ સાથે કુળોએ સ્થળાંતર કર્યુ અને નિયુક્ત પ્રદેશનો હવાલો સંભાળ્યો.
- અહોમ સૈન્યના સંપૂર્ણ દળમાં પાયદળ, નૌકાદળ, હાથી, ઘોડેસવાર અને જાસૂસોના સમાવેશ થતો હતો.
- યુદ્ધમાં વપરાતા મુખ્ય સ્ત્રોતોમાં તલવાર, ભાલા, બંદૂકો, તોપો, ધનુષ અને તીરનો સમાવેશ થતો હતો.
- તેઓ ગોરિલ્લા યુદ્ધમાં નિષ્ણાંત હતા. તેમણે બ્રહ્મપુત્રા નદી પર બોટ બ્રિજ બનાવવાની ટેકનિક પણ શિખી હતી.
- <u>1826</u>માં <u>'યાંડાબૂની સંધિ' (Treaty of Yandaboo)</u> બાદ બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા અહોમ સામ્રાજ્યને જોડવામાં આવ્યું હતું.
- આ સાથે આ સામ્રાજ્યનું નિયંત્રણ બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા હાથમાં ગયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



| | | |
|---|---|---|
| 1. | 'વિશ્વ શિક્ષણ દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય શિક્ષણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 22 જાન્યુઆરી (B) 23 જાન્યુઆરી (C) 24 જાન્યુઆરી (D) 25 જાન્યુઆરી | (C) |
| 2. | ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 11 જાન્યુઆરી (B) 11 જુલાઈ (C) 11 નવેમ્બર (D) 11 ડિસેમ્બર | (C) |
| 3. | ભારતમાં 'રાષ્ટ્રીય બાલિકા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 24 જાન્યુઆરી (B) 11 ઓક્ટોબર (C) 11 જાન્યુઆરી (D) 11 ડિસેમ્બર | (A) |
| 4. | વિશ્વ બાલિકા દિવસ (World Girl Child Day) તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 24 જાન્યુઆરી (B) 11 ઓક્ટોબર (C) 11 નવેમ્બર (D) 11 ડિસેમ્બર | (B) |
| 5. | વર્ષ 2022માં 'સુભાષચંદ્ર બોઝ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એવોર્ડ'ની સંસ્થા કેટેગરીમાં કોને આ એવોર્ડ એનાયત થયો છે ?<br>(A) ઓડિશા સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (OSDMA)<br>(B) લુંગલી ફાયર સ્ટેશન (LFS), મિઝોરમ<br>(C) (A) અને (B) બંનેને<br>(D) (A) અને (B) પૈકી એકપણ નહીં | (C) |
| 6. | તાજેતરમાં આંદામાન અને નિકોબારના કેટલા ટાપુઓના નામ પરમવીર ચક્ર પુરસ્કાર વિજેતાઓના નામ પરથી રાખવામાં આવ્યા છે ?<br>(A) 21 (B) 17 (C) 13 (D) 11 | (A) |
| 7. | તાજેતરમાં કેન્દ્ર સરકારે 'ચરાઈદેવ મોઈદામ'ને વર્લ્ડ હેરિટેજ સાઈટ માટે નોમિનેટ કરવાનો નિર્ણય કર્યો છે. તે કયા રાજ્યમાં સ્થિત છે ?<br>(A) કેરળ (B) ઓડિશા (C) આસામ (D) ઝારખંડ | (C) |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 25 જાન્યુઆરી, (1) રાષ્ટ્રીય મતદાર દિન (National Voter's Day) (2) રાષ્ટ્રીય પર્યટન દિવસ

### રાષ્ટ્રીય મતદાર દિન



ભારતમાં યુવા મતદાતાઓને જાગૃત કરવા માટે દર વર્ષે 25 જાન્યુઆરીના રોજ 'રાષ્ટ્રીય મતદાર દિવસ' (National Voter's Day)ની ઉજવણી કરવામાં આવે છે.

- આ ઉજવણીનો પ્રારંભ 25 જાન્યુઆરી, 2011ના રોજ ભારતના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ શ્રીમતી પ્રતિભાદેવી પાટિલે કરાવ્યો હતો.
- ત્યારબાદ દર વર્ષે 25 જાન્યુઆરીના રોજ ભારતમાં 'રાષ્ટ્રીય મતદાર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- આ પ્રસંગે દર વર્ષે 25 જાન્યુઆરીના રોજ ચૂંટણી પંચ દ્વારા નવા મતદારોને તેમનું ચૂંટણી કાર્ડ આપવામાં આવે છે.
- આ ઉપરાંત આ દિવસના અવસરે ચૂંટણી પ્રક્રિયામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર ચૂંટણી અધિકારીઓનું સન્માન કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

### વર્ષ 2023ની રાષ્ટ્રીય મતદાર દિવસની થીમ

વર્ષ 2023ની રાષ્ટ્રીય મતદાર દિવસની થીમ 'Nothing Like Voting, I Vote For Sure' છે.

### રાષ્ટ્રીય પર્યટન દિવસ



ભારતના પ્રાકૃતિક સૌંદર્યને ઓળખવા અને ભારતીય અર્થતંત્રમાં પર્યટનના મહત્વ વિશે જાગૃતિ લાવવા દર વર્ષે 25 જાન્યુઆરીએ 'રાષ્ટ્રીય પર્યટન દિવસ' અથવા 'રાષ્ટ્રીય પ્રવાસન દિવસ' ઉજવવામાં આવે છે.

- વિશ્વભરના મુલાકાતીઓ માટે ભારત ટોચના પ્રવાસી આકર્ષણોમાનું એક છે. એટલા માટે સાંસ્કૃતિક અને આર્થિક દષ્ટિકોણથી ભારતમાં પ્રવાસન ખૂબ જ મહત્વપૂર્ણ છે.

- ભારતમાં પ્રવાસન ક્ષેત્રની શરૂઆત સૌપ્રથમ વર્ષ 1948માં કરવામાં આવી હતી.
- 1948માં પ્રવાસન સમિતિની રચના કરવામાં આવી હતી. બાદમાં 1958માં પ્રવાસન અને સંચાર મંત્રાલય હેઠળ એક અલગ 'ટુરિઝમ વિભાગ' અથવા 'પર્યટન વિભાગ' બનાવવામાં આવ્યો હતો.

નોંધ : (1) થોમસ કૂકને 'પ્રવાસનના પિતા' (Father of Tourism) તરીકે ઓળખવામાં આવે છે.

(2) થોમસ કૂક એક અંગ્રેજી શોધક હતા. જેમણે થોમસ કૂક એન્ડ સન, વિશ્વ વિખ્યાત ટ્રાવેલ એજન્સીની સ્થાપના કરી હતી. તેઓ આધુનિક પર્યટનના શોધક છે.

## BharOS : ઓપરેટિંગ સિસ્ટમ




BharOS એ મોબાઈલ ફોનમાં વપરાતી ઓપરેટિંગ સિસ્ટમ છે. તે ભારત દ્વારા સ્વદેશી રીતે વિકસાવવામાં આવી છે.

- IIT મદ્રાસ ઈન્ક્યુબેટેડ કંપનીએ BharOS વિકસાવ્યું છે.
- આ એપ IIT મદ્રાસે Jandk ઓપરેશન પ્રાઈવેટ લિમિટેડ સંસથા દ્વારા વિકસાવી છે.

નોંધ : (1) Jandk એક બિન–લાભકારી ખાનગી સંસ્થા છે.

(2) IIT મદ્રાસ પ્રવર્તક ટેક્નોલોજીએ અન્ય લોકો સાથે મળીને આ ખાનગી સંસ્થાની શરૂઆત કરી હતી.

(3) ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી દ્વારા આ એપ માટે ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

### BharOS

BharOS એ Android અથવા iOS જેવી સ્વદેશી મોબાઈલ ઓપરેટિંગ સિસ્ટમ (OS) છે.

- તે ગોપનીયતા અને સુરક્ષા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.
- મોબાઈલ ઓપરેટિંગ સિસ્ટમ એ સોફ્ટવેર છે જે સ્માર્ટફોન પરનું મુખ્ય ઈન્ટરફેસ છે, જેમ કે Google દ્વારા Android અને Apple દ્વારા iOS જે સુરક્ષાની ખાતરી કરતી વખતે સ્માર્ટફોન વપરાશકર્તાઓને તેમના ઉપકરણ સાથે ક્રિયાપ્રતિક્રિયા કરવામાં અને તેની સુવિધાઓને એક્સેસ કરવામાં મદદ કરે છે.
- BharOS એ ભારત સ્થિત વપરાશકર્તાઓ માટે સુરક્ષિત OS વાતાવરણ બનાવીને 'આત્મનિર્ભર ભારત'ના વિચાર તરફ એક યોગદાન છે.
- હાલમાં BharOS સેવાઓ એવી સંસ્થાઓને પૂરી પાડવામાં આવી રહી છે જેમને ગોપનીયતા અને ઉચ્ચ સુરક્ષાની ઉચ્ચ જરૂરિયાત હોય છે અને જેમના વપરાશકર્તાઓ સંવેદનશીલ માહિતી ધરાવે છે. જેને મોબાઈલ પર પ્રતિબંધ એપ્સ પર ગોપનીય સંચારની જરૂર હોય છે.

## વિશેષતા

### નેટિવ ઓવર ધ એર

BharOS નેટિવ ઓવર ધ એર (NOTA) રજૂ કરશે, જેનો અર્થ એ છે કે વપરાશકર્તાઓને અપડેટ્સ તપાસવા અને તેને લાગુ કરવાને બદલે સુરક્ષા અપડેટ્સ અને બગ ફિક્સેસ આપમેળે ઈન્સ્ટોલ થઈ જશે.

### નો ડિફોલ્ટ એપ

નો ડિફોલ્ટ એપ (NDA) સેટિંગનો અર્થ એ છે કે યુઝર્સને આ મોબાઈલ ઓપરેટિંગ સિસ્ટમમાં પ્રી–ઈન્સ્ટોલ કરેલી એપ્સ રાખવાની કે વાપરવાની જરૂર નથી.

- NDA મહત્વપૂર્ણ છે કારણ કે આજે અન્ય સ્માર્ટફોન્સ સાથે આવતી ઘણી પૂર્વ–ઈન્સ્ટોલ કરેલી એપ્લિકેશનો બ્લોટવેર તરીકે કામ કરી શકે છે, ઉપકરણને ધીમુ કરી શકે છે અથવા બેટરી જીવન ઘટાડી શકે છે.
- BharOS માટે NDA ડિઝાઈનનો ઉપયોગ કરવાનો નિર્ણય ઈરાદાપૂર્વક લેવામાં આવ્યો હતો. કારણ કે તે વપરાશકર્તાઓને તેમના મોબાઈલ ફોનમાં એપ્લિકેશન પરના વિશ્વાસ અને તેમના ફોનમાં સંગ્રહિત ડેટાના પ્રકારને આધારે વધુ નિયંત્રણ આપશે.

### પ્રાઈવેટ એપ સ્ટોર સર્વિસીસ (PASS)

તે પ્રાઈવેટ એપ સ્ટોર સર્વિસીસ (PASS) નામની સિસ્ટમનો ઉપયોગ કરશે અને વપરાશકર્તાઓ માટે સલામતી હોય તેવી એપ્સની તપાસ કરશે.

- વપરાશકર્તાઓ જ્યાં સુધી BharOSના ધોરણોને પૂર્ણ કરે ત્યાં સુધી અન્ય એપ્સનો ઉપયોગ કરી શકશે.

### મહત્વ

- આ પ્રોજેક્ટનો હેતુ સ્માર્ટફોનમાં વિદેશી OS પર નિર્ભરતા ઘટાડવા અને સ્થાનિક રીતે વિકસિત ટેક્નોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો છે.
- સ્થાનિક ઈકોસિસ્ટમ અને સ્વ–ટકાઉ ભવિષ્ય બનાવવા માટે આ એક મોટી સિદ્ધિ છે.
- તે ભારતને એવા કેટલાક દેશોની સમકક્ષ બનાવવા ઈચ્છે છે જેઓ હાલમાં આવી ક્ષમતાઓ ધરાવે છે.

## વીર ગાર્ડિયન 2023 અભ્યાસ : ભારત-જાપાન

તાજેતરમાં 16 થી 23 જાન્યુઆરી, 2023 દરમિયાન ભારતીય વાયુ સેના (IAF) અને જાપાન એર સેલ્ફ ડિફેન્સ ફોર્સ (JASDF) વચ્ચે 'વીર ગાર્ડિયન 2023' અથવા 'વીર ગાર્જિયાન 2023' અભ્યાસ યોજાયો હતો.

- આ પ્રથમ વીર ગાર્ડિયન 2023 અભ્યાસ જાપાનના હાયકુરી એર બેઝ અને ઈરુમા એરબેઝ ખાતે યોજાયો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS



- આ અભ્યાસનો ઉદ્દેશ્ય બંને વાયુસેના વચ્ચે પરસ્પર સમજણ અને સંરક્ષણ સંબંધોને મજબૂત કરવાનો છે.
- આ અભ્યાસમાં ભારતીય વાયુસેના તરફથી ચાર Su-30 MKI જેટ, બે C-17 એરક્રાફ્ટ અને એક IL-78 મિડ–એર રિફ્યુલરએ ભાગ લીધો હતો.
- જ્યારે જાપાન તરફથી ચાર F-15 અને ચાર F-2 ફાઈટર જેટએ ભાગ લીધો હતો.
- આ અભ્યાસ બંને દેશ વચ્ચે સંરક્ષણ સહયોગ વધારવા માટે લેવાયેલ નિર્ણય છે. જે 2022માં જાપાનના ટોક્યોમાં યોજાયેલી બીડ 2+2 વિદેશ અને સંરક્ષણ મંત્રી સ્તરની બેઠક દરમિયાન લેવામાં આવ્યો હતો.
- આ અભ્યાસમાં ભારતીય વાયુસેનાની મહિલા ફાઈટર પાઈલટએ વિદેશી ભૂમી પર યુદ્ધ અભ્યાસમાં ભાગ લીધો હોય તેવું પ્રથમ વાર બન્યું છે.
- આ અભ્યાસમાં ભારતીય વાયુસેનાની મહિલા ફાઈટર સુશ્રી અવની ચતુર્વેદીએ ભાગ લીધો હતો. આ સાથે વિદેશી ભૂમી પર યુદ્ધ અભ્યાસમાં ભાગ લેનાર પ્રથમ મહિલા ફાઈટર બની ગયા છે.

**નોંધ :** ભારત અને જાપાન હાલમાં સેનાઓ વચ્ચે ધર્મ ગાર્ડિયન, વાયુસેના વચ્ચે શિન્યુ મૈત્રી અને નૌકાદળ વચ્ચે JIMEX જેવા અભ્યાસનું પણ આયોજન કરી રહ્યા છે.



**1.** ભારતમાં 'રાષ્ટ્રીય મતદાર દિન'તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 23 જાન્યુઆરી (B) 24 જાન્યુઆરી (C) 25 જાન્યુઆરી (D) 26 જાન્યુઆરી

**(C)**

**2.** વર્ષ 2023ના ભારતના 'રાષ્ટ્રીય મતદાર દિવસ'ની થીમ શું હતી ?

(A) Making Electious Inclusive, Accessible and Participative

(B) Nothing Like Voting, I Vote For Sure

(C) Vot For New India

(D) No Voter to be Left Behind

**(B)**

**3.** ભારતના પ્રાકૃતિક સૌંદર્યને ઓળખવા અને ભારતીય અર્થતંત્રમાં પર્યટનના મહત્વ વિશે જાગૃતિ લાવવા દર વર્ષે કયા દિવસના રોજ 'રાષ્ટ્રીય પર્યટન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

(A) 25 જાન્યુઆરી (B) 26 જાન્યુઆરી (C) 27 જાન્યુઆરી (D) 28 જાન્યુઆરી

**(A)**

**4.** તાજેતરમાં ચર્ચામાં રહેલ 'BharOS' શું છે ?

(A) IIT મદ્રાસ દ્વારા નિર્મિત સુપર કમ્પ્યૂટર

(B) ભારત દ્વારા સ્વદેશી રીતે વિકસાવવામાં આવેલ ઓપરેટિંગ સિસ્ટમ

(C) ISRO દ્વારા નિર્મિત નેવિગેશન સેટેલાઈટ

(D) DRDOએ સૈન્ય માટે વિકસાવેલ ડ્રોન

**(B)**

**5.** તાજેતરમાં ભારત અને કયા દેશ વચ્ચે 'વીર ગાર્ડિયન 2023' અભ્યાસ યોજાયો હતો ?

(A) જાપાન (B) ફ્રાન્સ (C) બ્રિટન (D) રશિયા

**(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 26 જાન્યુઆરી, (1) રાષ્ટ્રીય પ્રજાસત્તાક દિવસ
## (2) વિશ્વ કસ્ટમ દિવસ

### 74મા પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રકક્ષાની ઉજવણી



26 જાન્યુઆરી, 2023ના રોજ સમગ્ર ભારતમાં 74મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

- આ પ્રસંગે ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ નવી દિલ્હીના 'કર્તવ્ય પથ' (પહેલા રાજપથ) ખાતે તિરંગો લહેરાવી સલામી આપી હતી.
- આ પ્રસંગે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ સહિતના મહાનુભાવો ઉપસ્થિત હતા.

### 74મા પ્રજાસત્તાક પર્વના મુખ્ય અતિથી

74માં પ્રજાસત્તાક પર્વના મુખ્ય અતિથી ઈજિપ્તના રાષ્ટ્રપતિ શ્રી અબ્દેલ ફતાહ અલ સીસી હતા.

- કોરોના મહામારીના નિયંત્રણોના કારણે બે વર્ષ પછી ભારતે કોઈ મુખ્ય અતિથીને આમંત્રણ આપ્યું હતું.

### 74મા પ્રજાસત્તાક દિવસની મુખ્ય હાઈલાઈટ્સ

વર્ષ 2023માં 74માં પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં આત્મનિર્ભરતા અથવા ભારતની સૈન્ય શક્તિમાં આત્મનિર્ભરતા અને સશસ્ત્ર દળોમાં મહિલાઓની મુખ્ય ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું.

- વર્ષ 2023ના પ્રજાસત્તાક દિવસની પરેડ ભારતના લશ્કરી પરાક્રમ અને સાંસ્કૃતિક વિવિધતાનું અનોખુ મિશ્રણ હતું.
- જે દેશની વધતી જતી સ્વદેશી ક્ષમતાઓ, નારી શક્તિ અને નવા ભારતના ઉદ્ભવને દર્શાવે છે.
- ગણતંત્ર દિવસ પર રાષ્ટ્રગીત દરમિયાન 21 તોપોની સલામી આપવાની પરંપરા છે.
- અત્યાર સુધી આ સલામી બ્રિટનમાં બનેલી 25 પાઉન્ડરની તોપોથી આપવામાં આવતી હતી, જે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પણ ઉપયોગમાં લેવાતી હતી.
- હવે તેના સ્થાને ભારતમાં બનેલી 105mm ઈન્ડિયન ગન દ્વારા સલામી આપવામાં આવી હતી. આ તોપો જબલપુર અને કાનપુરની ગન ફેક્ટરીમાં બનાવવામાં આવી હતી.
- આ પ્રસંગે બોર્ડર સિક્યોરિટી ફોર્સ (BSF)ની ઊંટ ટૂકડીમાં પ્રથમ વખત મહિલા અધિકારીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.



- ભારતીય સેનાએ પરેડમાં લશ્કરી શક્તિનું પ્રદર્શન કર્યું હતું. આ વર્ષની પરેડનું નેતૃત્વ પણ મહિલા જવાનોએ કર્યું હતું.
- લેફ્ટનન્ટ સુશ્રી ચેતના શર્માએ પરેડમાં ફરજની લાઈન પર મેડ ઈન ઈન્ડિયા મિસાઈલ સિસ્ટમ 'આકાશ'નું નેતૃત્વ કર્યું હતું. તેમાં આર્મીના 3 અને એરફોર્સ તથા નેવીના 1-1 સભ્યનો સમાવેશ થયો હતો.
- લેફ્ટનન્ટ ચેતના શર્મા એર ડિફેન્સ રેજિમેન્ટમાં લશ્કરી અધિકારી છે.
- એર ડિફેન્સ રેજિમેન્ટનો ઉદ્દેશ્ય દેશની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ડ્રોન અને દુશ્મનના વિમાનોથી આકાશનું રક્ષણ કરવાનો છે.
- સુશ્રી ચેતના શર્મા ઉપરાંત લેફ્ટનન્ટ ડિમ્પલ ભાટી આર્મીની ડેરડેવિલ્સ મોટરસાઈકલ ટીમનો ભાગ બન્યા હતા.
- ભારતીય નૌકાદળની ટૂકડીનું નેતૃત્વ લેફ્ટનન્ટ કમાન્ડર સુશ્રી દિશા અમૃતએ કર્યું હતું. નૌકાદળની આ ટૂકડીમાં 144 યુવા નાવિકો સામેલ થયા હતા.
- લેફ્ટનન્ટ કમાન્ડર દિશા અમૃત નેવીના એર ઓપરેશન ઓફિસર છે.
- આ ઉપરાંત સુશ્રી સિંધુ રેડ્ડીએ વાયુસેનાની ટૂકડીનું નેતૃત્વ કર્યું હતું.
- પ્રજાસત્તાક દિવસ 2023ના ભાગરૂપે સંસ્કૃતિ મંત્રાલય દ્વારા વંદે ભારત નૃત્યમ રજૂ કરવામાં આવ્યું હતું.
- વીર ગાથા એ આઝાદી કા અમૃત મહોત્સવમાં રજૂ કરાયેલી પહેલોમાંની એક હતી. તે સશસ્ત્ર સેવાઓ દ્વારા કરવામાં આવેલા બલિદાન વિશે બાળકોને શિક્ષિત કરવા માટે રચાયેલ એક વિશેષ પહેલ હતી.
- ફ્લાય પાસ્ટમાં નેવીનું ઈલ્યુઝ IL-38 પ્રથમ અને છેલ્લી વખત પરેડમાં જોડાયું હતું.
- આ પરેડમાં K-9 વજ્ર હોવિત્ઝર્સ, MBT અર્જુન, નાગ એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ, બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ, આકાશ એર ડિફેન્સ મિસાઈલ પણ સામેલ હતા.
- ઈજિપ્તની 120 સભ્યોની ટૂકડી પણ પરેડમાં સામેલ થઈ હતી.

## ઝાંખી અથવા ટેબ્લોનું ભારે આકર્ષણ

26 જાન્યુઆરી, 2023ના રોજ નવી દિલ્હી ખાતે 74મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે યોજાયેલી પરેડમાં કુલ 23 ઝાંખીઓ અથવા ટેબ્લો રજૂ કરવામાં આવ્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જેમાં 17 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી અને છ વિવિધ મંત્રાલયો અને વિભાગોમાંથી ઝાંખી પ્રદર્શિત કરવામાં આવી હતી.
- આ પરેડમાં ગુજરાત તરફથી રજૂ થયેલ ઝાંખી સૌનું આકર્ષણ રહી હતી.
- ગુજરાતે 'ક્લિન–ગ્રીન ઊર્જાયુક્ત ગુજરાત' થીમને આવરી લેતી ઝાંખી પ્રદર્શિત કરી હતી.
- નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB)ની ઝાંખી પ્રથમ વખત પરેડમાં જોવા મળી હતી.
- આ ઝાંખીમાં NCB સભ્યો ઉપરાંત તેમની ડોગ સ્કવોડના 2 સભ્યો હાજર રહ્યા હતા. કેનાઈન સ્કવોડના આ ડોગનું નામ લિમ્બુ અને જેલી છે. તેણે અનેક ઓપરેશનમાં ડ્રગ્સ કન્સાઈનમેન્ટ મેળવવામાં ભૂમિકા ભજવી છે.
- NCBના આ ટેબ્લો પર નશા મુક્ત ભારતનો સંદેશો લખ્યો હતો.
- હરિયાણાના ટેબ્લો દ્વારા શ્રીમદ્ ભગવદ્ ગીતાનો શાશ્વત સંદેશ સમગ્ર વિશ્વને આપવામાં આવ્યો હતો. જેની થીમ 'આંતરરાષ્ટ્રીય ગીતા મહોત્સવ' છે.

## ગુજરાતની ઝાંખી : ક્લિન-ગ્રીન ઊર્જાયુક્ત ગુજરાત




26 જાન્યુઆરી, 2023ના રોજ નવી દિલ્હી ખાતે 74મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે યોજાયેલી પરેડમાં ગુજરાત તરફથી 'ક્લિન–ગ્રીન ઊર્જાયુક્ત ગુજરાત' થીમ હેઠળ ઝાંખી પ્રદર્શિત કરવામાં આવી હતી.

- જેણે દેશ અને દુનિયાને પુનઃપ્રાપ્ય ઊર્જાસ્ત્રોતોના પ્રયોગથી હરિત અને શુદ્ધ ઊર્જાનું નિર્માણ કરીને આત્મનિર્ભર બનવાનો સંદેશો આપ્યો હતો.
- ઝાંખીમાં રાજ્યના અનોખા કચ્છના રંગ અને મહેસાણા જિલ્લામાં સ્થિત ઐતિહાસિક મોઢેરા ગામની ઝાંખી જોવા મળી હતી. જે સૌર ઊર્જાથી ચાલતું દેશનું પ્રથમ ગામ બન્યું છે.
- ઝાંખી દરમિયાન હર ઘર સોલાર પેનલથી સહાય ગીત ગુંજ્યું હતું.
- ગુજરાતના ટેબ્લોમાં કચ્છમાં આકાર લઈ રહેલો વિશ્વનો સૌથી વિશાળ હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક, દેશનું સૌપ્રથમ 24×7 સોલાર ઊર્જા મેળવતું મોઢેરા ગામ, PM-KUSUM યોજના થકી ખેડૂતોની ખુશહાલી અને કેનાલ રૂફટોપથી થતા સૌરઊર્જાનું ઉત્પાદનની બાબતોને આવરી લેવામાં આવી હતી.
- આ સાથે કચ્છના ભાતીગળ પહેરવેશ, સફેદ રણ, રણના વાહન ઊંટ, પરંપરાગત ઘર–ભૂંગાની સાથે ગુજરાતની સંસ્કૃતિને પ્રદર્શિત કરતા ગરબાએ ઝાંખીને અદ્દભૂત બનાવી હતી. જે સૌનુ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

## 74મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી

**26 જાન્યુઆરી, 2023ના રોજ ગુજરાતમાં 74મા પ્રજાસત્તાક દિવસની રાજ્યકક્ષાની ઉજવણી ગુજરાતના બોટાદ જિલ્લામાં કરવામાં આવી હતી.**

- આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ રાષ્ટ્રધ્વજ ફરકાવીને સલામી આપી હતી.
- આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગુજરાતના મુખ્ય સચિવ, ગુજરાતના DGP વગેરે જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.
- આ પાવન પ્રસંગે પરેડ દરમિયાન ભારતીય કોસ્ટગાર્ડ, ગુજરાત મરીન કમાન્ડો, ચેતક કમાન્ડોઝ, બોટાદ જિલ્લા પોલીસ પ્લાટુન, ભાવનગર જિલ્લા પોલીસ પ્લાટુન, રાજકોટ જિલ્લા મહિલા પોલીસ પ્લાટુન, ગુજરાત જેલ પુરુષ પ્લાટુન, શ્વાસ દળ, અશ્વદળ, બેન્ડદળ સહિત, 28 પ્લાટુનોમાં 920 જેટલા સુરક્ષા દળના જવાનો સહભાગી બન્યા હતા.
- આ ઉપરાંત ચેતક કમાન્ડોના બુલેટ પ્રુફ વાહનોનું નિદર્શન, દિલધડક મોટરસાયકલ સ્ટંટ શો તેમજ ગુજરાત પોલીસ વિભાગ દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમોએ સૌ કોઈને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 26 જાન્યુઆરીને પ્રજાસત્તાક દિવસ શા માટે ઉજવવામાં આવે છે ?

આઝાદી પૂર્વે ભારત પર અંગ્રેજોનું શાસન હતું. ભારત અને પાકિસ્તાન બંને એક સાથે આઝાદ થયા હતા તેમ છતાં પાકિસ્તાન ઈ.સ. **1956** સુધી બ્રિટનના તાબા હેઠળ રહ્યું હતું. જ્યારે ભારત અંગ્રેજોના તાબા હેઠળ ન રહ્યું અને **1949**માં બંધારણની રચના વખતથી જ તેણે પોતાને 'પ્રજાસત્તાક' જાહેર કરી દીધું હતું.

જો કે આઝાદી બાદ ભારત આંતરિક રીતે સ્વતંત્ર હતું પરંતુ બાહ્યરૂપથી બ્રિટિશ રાજ્યને આધીન હતું. આથી બ્રિટનના તત્કાલિન રાજા જ્યોર્જ છઠ્ઠાના પ્રતિનિધિ તરીકે લોર્ડ માઉન્ટબેટનને સ્વતંત્ર ભારતના પ્રથમ ગર્વનર જનરલ બનાવવામાં આવ્યા હતા. આ સમયે આ ગર્વનર જનરલ જ ભારતનું પ્રતિનિધિત્વ કરતા હતા. આઝાદી બાદ ભારતના બંધારણની રચના કરવામાં આવી. ભારતીય બંધારણના આમુખમાં ભારતને 'પ્રજાસત્તાક' જાહેર કરવામાં આવ્યું. પ્રજાસત્તાક એટલે 'લોકો દ્વારા અને લોકો માટેનું શાસન'. ભારતનું આમુખ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કરે છે કે બંધારણ હેઠળ તમામ અધિકૃતતાનો સ્ત્રોત ભારતના લોકો જ છે. અને ભારત પર કોઈ બાહ્ય અધિકૃતતાને અવકાશ નથી.

26 જાન્યુઆરી, 1950ના રોજ ભારતનું બંધારણ અમલમાં આવ્યું અને આ સાથે જ બ્રિટનના રાજા કે સમ્રાટની ભારત પરની કાનૂની કે બંધારણીય અધિકૃતતા સમાપ્ત થઈ ગઈ. ભારત આંતરિક તેમજ બાહ્ય એમ બંને રીતે સ્વતંત્ર થઈ ગયું. ભારતમાં ગર્વનર જનરલના પદનો અંત આવ્યો અને ડો. રાજેન્દ્ર પ્રસાદ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા અને ભારત કાનૂની દષ્ટિએ સાચા અર્થમાં 'પ્રજાસત્તાક' રાષ્ટ્ર બન્યું.

- આથી દર વર્ષે 26 જાન્યુઆરીનો દિવસ ભારતમાં 'પ્રજાસત્તાક દિન' તરીકે ઉજવાય છે.

નોંધ : (1) લોર્ડ માઉન્ટ બેટન સ્વતંત્ર ભારતના પ્રથમ ગર્વનર જનરલ હતા. શ્રી જવાહરલાલ નહેરુને ભારતના પ્રથમ વડાપ્રધાન તરીકેના શપથ લોર્ડ માઉન્ટ બેટને જ અપાવ્યા હતા.

(2) લોર્ડ માઉન્ટ બેટન બાદ જૂન 1948 થી 26 જાન્યુઆરી, 1950 સુધી શ્રી સી. રાજગોપાલાચારી ભારતના ગર્વનર જનરલના પદે રહ્યા હતા. શ્રી સી. રાજગોપાલાચારી ભારતના અંતિમ (તથા એકમાત્ર ભારતીય) ગર્વનર જનરલ હતા.

## પ્રજાસત્તાક દેશ કોને કહે છે ?

જે દેશના રાષ્ટ્રપ્રમુખ વંશ પરંપરાગત રીતે ન આવતા પ્રત્યક્ષ કે પરોક્ષ ચૂંટણી દ્વારા ચૂંટાઈને આવે તેવા જ દેશને પ્રજાસત્તાક કહેવાય છે.

## ભારતના બંધારણની રચનાઓ સંક્ષિપ્ત ઈતિહાસ

## બંધારણ નિર્માણનો સૌપ્રથમ પ્રયાસ

ભારતના બંધારણના નિર્માણનો સૌપ્રથમ પ્રયાસ 10 ઓગસ્ટ, 1928ના રોજ રજૂ થયેલા નહેરુ રિપોર્ટમાં થયો હતો.

- આથી 'નહેરુ રિપોર્ટ'ને બંધારણની 'બ્લૂપ્રિન્ટ' કહેવામાં આવે છે.
- આ રિપોર્ટ શ્રી મોતિલાલ નહેરુની અધ્યક્ષતામાં બનેલી એક સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો.

## બંધારણ સભાના અધ્યક્ષ

ભારતના બંધારણના નિર્માણ માટે બંધારણ સભાની પ્રથમ બેઠક 9 ડિસેમ્બર, 1946ના રોજ નવી દિલ્હીના વર્તમાન સંસદ ભવનના સેન્ટ્રલ હોલમાં મળી હતી.

- બંધારણ સભાની આ પ્રથમ બેઠકમાં બંધારણ સભાના કાર્યકારી અધ્યક્ષ તરીકે ડો. સચ્ચિદાનંદ સિન્હાની નિમણૂક કરવામાં આવી હતી.
- જોકે ત્યારબાદ 11 ડિસેમ્બર, 1946ના રોજ ડો. રાજેન્દ્ર પ્રસાદ બંધારણ સભાના કાયમી અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

## ઉદ્દેશ પ્રસ્તાવ

બંધારણ સભામાં 13 ડિસેમ્બર, 1946ના રોજ શ્રી જવાહર લાલ નહેરુ દ્વારા 'ઉદ્દેશ પ્રસ્તાવ' રજૂ કરવામાં આવ્યો હતો.

- 22 જાન્યુઆરી, 1947ના રોજ આ 'ઉદ્દેશ પ્રસ્તાવ' સ્વીકારવામાં આવ્યો. આગળ જતાં આ 'ઉદ્દેશ પ્રસ્તાવ' બંધારણનું 'આમુખ' બન્યો.

## બંધારણ સભાના કાર્યો

બંધારણ સભાના મુખ્ય બે કાર્યો હતા :

(1) બંધારણનું નિર્માણ અને (2) દેશ માટે સામાન્ય કાયદાઓનું ઘડતર

- જ્યારે બંધારણ સભા બંધારણના નિર્માણ માટે મળતી હતી ત્યારે તેના અધ્યક્ષ ડો. રાજેન્દ્ર પ્રસાદ રહેતા.
- અને બંધારણ સભા જ્યારે દેશ માટે સામાન્ય કાયદાઓનું ઘડતર કરવા માટે મળતી ત્યારે એક ધારાકીય સંસ્થા (અથવા તો સંસદ) તરીકેની તેની ભૂમિકા રહેતી હતી. આ દરમિયાન તેના અધ્યક્ષ શ્રી ગણેશ વાસુદેવ માવળંકર રહેતા હતા.

## ધારાકીય સંસ્થા (સંસદ) તરીકે બંધારણ સભા

એક ધારાકીય સંસ્થા (અથવા તો સંસદ) તરીકે બંધારણ સભા સૌપ્રથમ વખત 17 નવેમ્બર, 1947ના રોજ મળી હતી. અને આ બેકઠમાં જ શ્રી ગણેશ વાસુદેવ માવળંકર સ્પીકર તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

- બંધારણ સભા સ્વતંત્ર ભારતની પ્રથમ સંસદ બની હતી.

## મુસદ્દા સમિતિ

ભારતના બંધારણના ઘડતર માટે અનેક સમિતિઓની રચના કરવામાં આવી હતી. આ તમામ સમિતિઓમાં મુસદ્દા (અથવા પ્રારૂપ અથવા તો ખરડા) સમિતિ સૌથી મહત્ત્વની હતી.

- આ સમિતિનું કાર્ય બંધારણનું પ્રારૂપ તૈયાર કરવાનું હતું.
- આ સમિતિમાં કુલ 7 સભ્યો હતા. આ સમિતિના અધ્યક્ષ તરીકે ડો. બાબાસાહેબ આંબેડકરની નિમણૂક કરવામાં આવી હતી.

## બંધારણ નિર્માણ સ્વીકાર અને અમલ

બંધારણ સભા દ્વારા કુલ 11 સત્રો યોજીને 2 વર્ષ, 11 મહિના અને 18 દિવસમાં બંધારણ તૈયાર કરવામાં આવ્યું હતું.

- બંધારણના વિવિધ ભાગોના અભ્યાસ માટે બંધારણ સભાની કુલ 166 બેઠકો મળી હતી.
- બંધારણ સભાએ બંધારણનું

પ્રથમ વાંચન : 17 ઓક્ટોબર, 1949

INSTITUTE FOR COMPETITIVE EXAMS

બીજું વાંચન : 16 નવેમ્બર, 1949 અને

ત્રીજું વાંચન : 26 નવેમ્બર, 1949ના રોજ પૂરું કર્યું હતું.

- 26 નવેમ્બર, 1949ના રોજ ભારતીય બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો હતો અને બંધારણ સભાના કુલ 299 સભ્યોમાંથી તે સમયે હાજર 284 સભ્યોએ બંધારણ પર હસ્તાક્ષર કર્યા હતા.
- અને નાગરિકત્વ, ચૂંટણીઓ, કામચલાઉ સંસદ, કામચલાઉ અને પરિવર્તનશીલ જોગવાઈઓ તાત્કાલિક એટલે કે 26 નવેમ્બર, 1949ના રોજ અમલમાં આવી ગઈ.
- ત્યારબાદ 26 જાન્યુઆરી, 1950ના રોજ ભારતના સંપૂર્ણ બંધારણનો અમલ કરવામાં આવ્યો.

નોંધ : (1) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે ઈ.સ. 1930ના લાહોર અધિવેશનમાં 26 જાન્યુઆરીને 'પૂર્ણ સ્વરાજ દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું. આથી 26 જાન્યુઆરીના રોજ ભારતનું સંપૂર્ણ બંધારણ લાગુ કરવામાં આવ્યું હતું.

(2) બંધારણ સભા દ્વારા 24 જાન્યુઆરી, 1950ના રોજ ભારતના રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાનનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

(3) ભારતમાં 26 નવેમ્બર, 1949ના રોજ બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. આથી ભારતમાં 26 નવેમ્બર 'કાયદા દિવસ' અથવા તો 'બંધારણ દિવસ' તરીકે ઉજવાય છે.

## ભારતીય બંધારણના પરીક્ષાલક્ષી અત્યંત મહત્ત્વના કેટલાક સુધારાઓ

ભારતીય બંધારણના ભાગ-20ના અનુચ્છેદ 368 અનુસાર ભારતના બંધારણમાં સુધારો થઈ શકે છે.

- આ અંતર્ગત 26 જાન્યુઆરી, 2023 સુધીમાં ભારતના બંધારણમાં કુલ 105 સુધારાઓ થયા છે.
- ભારતીય બંધારણમાં અત્યાર સુધી થયેલા 105 સુધારાઓમાંથી પરીક્ષાની દૃષ્ટિએ અત્યંત મહત્વના કેટલાક સુધારાઓ આ પ્રમાણે છે :

### 7મો બંધારણીય સુધારો, 1956

રાજ્ય પુનર્રચના પંચના રિપોર્ટ અનુસાર ભાષાને આધારે રાજ્યોની પુનર્રચના કરવા માટે ભારતના બંધારણમાં આ સુધારો કરવામાં આવ્યો હતો.

- આઝાદી સમયે ભારતમાં ક, ખ, ગ, ઘ એમ કુલ ચાર વર્ગોમાં રાજ્યો અસ્તિત્વમાં હતા.
- આ સાતમા બંધારણીય સુધારાથી ભારતમાં આ ચાર વર્ગોના રાજ્યોની જગ્યાએ નવા 14 રાજ્યો અને 6 કેન્દ્રશાસિત પ્રદેશો અસ્તિત્ત્વમાં આવ્યા.

### 42મો બંધારણીય સુધારો, 1976

બંધારણનો 42મો સુધારો સૌથી મહત્ત્વનો બંધારણીય સુધારો છે. તેને 'મિની કોન્સ્ટીટ્યુશન' અથવા તો 'લઘુ બંધારણ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- આ સુધારા દ્વારા શ્રી સ્વર્ણ સિંહ સમિતિની ભલામણો લાગુ કરવામાં આવી હતી. આ સુધારાની કેટલીક મુખ્ય જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) બંધારણના આમુખમાં 'સમાજવાદી', 'ધર્મનિરપેક્ષ' અને 'અખંડતા' એમ કુલ નવા ત્રણ શબ્દો ઉમેરાયા.

(2) બંધારણમાં નવા ભાગ 4–ક દ્વારા મૂળભૂત ફરજો ઉમેરવામાં આવી.

(3) કેબિનેટની સલાહ રાષ્ટ્રપતિ માટે બંધનકર્તા બનાવવામાં આવી.

(4) લોકસભા અને વિધાનસભા કાર્યકાળને 5 વર્ષથી 6 વર્ષ કરાયા.

(5) બંધારણીય સુધારાઓને ન્યાયિક તપાસમાંથી મુક્ત કરવામાં આવ્યા.

(6) ત્રણ નવા માર્ગદર્શક સિદ્ધાંતનો ઉમેરો.

## 44મો બંધારણીય સુધારો, 1978

- 42મા બંધારણીય સુધારા દ્વારા લાગુ કરવામાં આવેલી કેટલીક જોગવાઈઓને રદ કરવા માટે જનતા સરકાર દ્વારા આ 44મો બંધારણીય સુધારો કરવામાં આવ્યો હતો. જેની કેટલીક મુખ્ય જોગવાઈઓ આ પ્રમાણે છે :

(1) લોકસભા અને વિધાનસભાની મુદત પૂર્વવત્ 5 વર્ષ કરવામાં આવી.

(2) રાષ્ટ્રીય કટોકટીના સંદર્ભમાં 'આંતરિક અશાંતિ' શબ્દની જગ્યાએ 'સશસ્ત્ર વિદ્રોહ' શબ્દ ઉમેરવામાં આવ્યો.

(3) ફક્ત કેબિનેટની લેખિત ભલામણ દ્વારા જ રાષ્ટ્રપતિ રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કરી શકે તેવી જોગવાઈ કરવામાં આવી.

(4) મૂળભૂત અધિકારોની યાદીમાંથી સંપત્તિનો અધિકાર સમાપ્ત કરવામાં આવ્યો અને તેને ફકત કાનૂની અધિકાર બનાવવામાં આવ્યો.

(5) રાષ્ટ્રીય કટોકટી વખતે અનુચ્છેદ 20 અને 21 દ્વારા આપવામાં આવેલા મૂળભૂત અધિકારો પર રોક લગાવી શકાશે નહિ.

## 52મો બંધારણીય સુધારો, 1985

આ સુધારો પક્ષ–પલટા વિરોધી કાયદા તરીકે ઓળખાય છે. આ સુધારા દ્વારા બંધારણમાં 10મી અનુસૂચિ જોડવામાં આવી. તેમાં સંસદ કે વિધાનસભાનો કોઈ સભ્ય પક્ષ બદલે તો તેનું સભ્યપદ સમાપ્ત કરવાની જોગવાઈ છે.

## 61મો બંધારણીય સુધારો, 1989

આ સુધારાથી મતાધિકારની વય મર્યાદા 21 વર્ષથી ઘટાડીને 18 વર્ષ કરવામાં આવી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 73મો બંધારણીય સુધારો, 1992

આ સુધારાથી પંચાયતીરાજ વ્યવસ્થા અમલમાં આવી. આ માટે બંધારણમાં ભાગ-9 અને પરિશિષ્ટ-11 ઉમેરવામાં આવ્યા.

## 74મો બંધારણીય સુધારો, 1992

આ સુધારા દ્વારા નગરપાલિકા (શહેરી સ્થાનિક સંસ્થાઓ)ને બંધારણીય સ્થિતિ અને સુરક્ષા આપવામાં આવી. આ માટે બંધારણમાં ભાગ -9ક અને પરિશિષ્ટ-12 ઉમેરવામાં આવ્યા.

## 86મો બંધારણીય સુધારો, 2002

આ સુધારા દ્વારા 6 થી 14 વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો મૂળભૂત અધિકાર આપવામાં આવ્યો. આ માટે બંધારણમાં અનુચ્છેદ -21(ક) તથા 51(ક)(ઢ) ઉમેરવામાં આવી. જેના દ્વારા નવી 11મી મૂળભૂત ફરજ અસ્તિત્વમાં આવી.

## 93મો બંધારણીય સુધારો, 2006

આ સુધારા દ્વારા સામાજિક અને શૈક્ષણિક દષ્ટિએ પછાતો માટે એટલે કે અન્ય પછાત વર્ગ (OBC) માટે શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતની વ્યવસ્થા કરવામાં આવી. આ માટે અનુચ્છેદ -15માં પરિવર્તન કરવામાં આવ્યું.

## 94મો બંધારણીય સુધારો, 2011

આ સુધારા દ્વારા ભારતમાં સહકારી મંડળીઓને બંધારણીય સ્થાન અને સંરક્ષણ આપવામાં આવ્યું.

## 101મો બંધારણીય સુધારો, 2016

ભારતમાં GST (ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ) લાગુ કરવા માટે આ સુધારો કરવામાં આવ્યો છે.

## 103મો બંધારણીય સુધારો, 2019

ભારતમાં જનરલ કેટેગરીના આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને સરકારી નોકરીઓ તથા શિક્ષણ સંસ્થાઓમાં અનામત આપવા માટે આ સુધારો કરવામાં આવ્યો છે. આ માટે બંધારણમાં અનુચ્છેદ 15(6) અને 16(6) ઉમેરવામાં આવી છે.

## 104મો બંધારણીય સુધારો, 2019 (અમલ 25 જાન્યુઆરી, 2020)

લોકસભામાં અને રાજ્યોની વિધાનસભામાં SC અને ST ને આપવામાં આવતું અનામત 10 વર્ષ સુધી એટલે કે વર્ષ 2030 સુધી લંબાવવામાં આવ્યું.

- આ ઉપરાંત લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં એંગ્લો ઈન્ડિયન સમુદાયને મળતુ અનામત દુર કરવામાં આવ્યું.

## 105મો બંધારણીય સુધારો, 2021

આ સુધારા હેઠળ રાજ્ય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશોને OBCની યાદી તૈયાર કરવાનો અધિકાર આપવામાં આવ્યો.

- અનુચ્છેદ 342 (A) (1), 342 (A) (2), 366 (26C) અને 338 (B) (9)માં સુધારો કરવામાં આવ્યો.
- આ ઉપરાંત અનુચ્છેદ 342 (A) (3) પણ ઉમેરવામાં આવ્યો.

## ન્યૂઝિલેન્ડના નવા વડાપ્રધાન : ક્રિસ હિપકિન્સ

તાજેતરમાં શ્રી ક્રિસ હિપકિન્સ ન્યૂઝિલેન્ડના નવા વડાપ્રધાન બન્યા છે.

- તેઓ ન્યૂઝિલેન્ડના વડાપ્રધાન તરીકે સુશ્રી જેસિંડા આર્ડનનું સ્થાન લેશે.
- થોડા સમય પહેલા સુશ્રી જેસિંડા આર્ડને વડાપ્રધાન પદેથી રાજીનામુ આપ્યું હતું.
- શ્રી ક્રિસ હિપકિન્સે કોવિડ-19 મહામારી દરમિયાન આરોગ્ય મંત્રી તરીકે મહત્વની ભૂમિકા ભજવી હતી.

### શ્રી ક્રિસ હિપકિન્સ



શ્રી ક્રિસ હિપકિન્સનો જન્મ 5 સપ્ટેમ્બર, 1978ના રોજ ન્યૂઝિલેન્ડના હટવેલી ખાતે થયો હતો.

- તેઓ 'ન્યૂઝીલેન્ડ લેબર પાર્ટી' પક્ષ સાથે સંકળાયેલા છે.
- તેઓ વર્ષ 2008માં પ્રથમવાર સંસદમાં ચૂંટાઈ આવ્યા હતા.
- વર્ષ 2008માં સંસદમાં પ્રવેશતા પહેલા તેઓ શિક્ષણ મંત્રીઓના વરિષ્ઠ સલાહકાર તરીકે કામ કરતા હતા.
- નવેમ્બર 2020માં કોવિડ વ્યવસ્થાપન માટે આરોગ્ય મંત્રી તરીકે તેની વરણી કરવામાં આવી હતી.
- 44 વાર્ષિય શ્રી ક્રિસ હિપકિન્સ વર્તમાનમાં પોલીસ, શિક્ષણ અને જાહેર સેવા વિભાગના મંત્રી છે.
- વર્ષ 2008થી સતત પાંચમી વાર તેઓ રેમુટકા બેઠક પરથી સંસદ પદે ચૂંટાઈ આવ્યા હતા.
- સુશ્રી જેસિન્ડા આર્ડને રાજીનામુ આપ્યા બાદ ન્યૂઝિલેન્ડના વડાપ્રધાન પદ માટે શ્રી ક્રિસ હિપકિન્સને લેબર પાર્ટીએ સર્વસંમતિથી મત આપ્યા હતા.

## ભારતના સ્થાપત્યના એક યુગનો અંત : ગુજરાતના ગૌરવ આર્કિટેક શ્રી બાલકૃષ્ણ દોશીનું નિધન

ભારતના લે કોર્બુઝિયર તરીકે પ્રસિદ્ધ આર્કિટેક શ્રી બાલકૃષ્ણ દોશીનું 95 વર્ષની વયે નિધન થયું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## શ્રી બાલકૃષ્ણ દોશી

શ્રી બાલકૃષ્ણ દોશીનો જન્મ 26 ઓગસ્ટ, 1927ના રોજ પૂણે ખાતે થયો હતો.

- તેમનું પૂરું નામ બાલકૃષ્ણ વિઠ્ઠલદાસ દોશી છે.
- તેમને દક્ષિણ એશિયાના સ્થાપત્ય વર્ગમાં એક મહત્વની વ્યક્તિ માનવામાં આવે છે. અને ભારતીય સ્થાપત્યકળાના વિકાસમાં તેમનું મહત્વનું યોગદાન છે.
- તેમના નોંધનીય સ્થાપત્યો નીચે મુજબ છે :

1962 : IIM અમદાવાદ

1966 : CEPT અમદાવાદ

1967 : ટાગોર હોલ,અમદાવાદ

1972 : ECIL ટાઉનશિપ, હૈદરાબાદ

1973 : ઈફકો ટાઉનશિપ, કલોલ

1976 : પ્રેમાભાઈ હોલ, અમદાવાદ

1977 : IIM બેંગ્લોર

1979 : MP ઈલેક્ટ્રિસિટી બોર્ડ, જબલપુર

1979 : મહાત્મા ગાંધી શ્રમ સંસ્થા

1982 : અરણ્ય લો કોસ્ટ હાઉસિંગ, ઈન્દોર

1984 : વિદ્યાધર નગર, જયપુર

1989 : NIFT – દિલ્હી

1990 : અમદાવાદની ગુફા, અમદાવાદ

1997 : સવાઈ ગાંધર્વ સ્મારક, પુણે



## પુરસ્કારો

શ્રી બાલકૃષ્ણ દોશીને મળેલા પુરસ્કારો નીચે મુજબ છે :

(1) 2023 : પદ્મ વિભૂષણ (2023)

(2) 2022 : રોયલ ગોલ્ડ મેડલ (આર્કિટેક્ચર માટે વિશ્વનું સર્વોચ્ચ સન્માન)

(3) 2020 : પદ્મ ભૂષણ

(4) 2018 : પ્રિત્ઝર આર્કિટેક્ચર પ્રાઈઝ

(5) 2017 : ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત એવોર્ડ

(6) 2011 : ઓફિસર ઓફ ઓર્ડર ઓફ આર્ટસ એન્ડ લેટર્સ, ફ્રાન્સ

(7) 2007 : સસ્ટેનેબલ આર્કિટેક્ચર ગ્લોબલ એવોર્ડ

(8) 1993 : છઠ્ઠો આગાખાન એવોર્ડ ઓફ આર્કિટેક્ચર

(9) 1976 : પદ્મ શ્રી

**નોંધ :** વર્ષ 2018માં પ્રિત્ઝર આર્કિટેક્ચર પુરસ્કાર મેળવનારા તેઓ પ્રથમ ભારતીય આર્કિટેક બન્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 'વિશ્વ કસ્ટમ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 24 જાન્યુઆરી (B) 25 જાન્યુઆરી (C) 26 જાન્યુઆરી (D) 27 જાન્યુઆરી (C)

2. 26 જાન્યુઆરી, 2023ના રોજ ભારતમાં કેટલામાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી ?
(A) 72મા (B) 73મા (C) 74મા (D) 75મા (C)

3. ભારતના 74માં પ્રજાસત્તાક પર્વના મુખ્ય અતિથી શ્રી અબ્દેલ ફતાહ અલ સીસી હતા. તેઓ કયા દેશના રાષ્ટ્રપતિ છે ?
(A) કેનેડા (B) ઈજિપ્ત (C) ઈરાક (D) ઈન્ડોનેશિયા (B)

4. 26 જાન્યુઆરી, 2023ના રોજ નવી દિલ્હી ખાતે યોજાયેલી ભારતના પ્રજાસત્તાક પર્વની પરેડમાં ગુજરાત તરફથી કયા ટેબ્લોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું ?
(A) આત્મનિર્ભર ગુજરાત (B) ક્લિન–ગ્રીન ઊર્જાયુક્ત ગુજરાત
(C) ગુજરાત એક ઝલક (D) રાણીની વાવ : દિવ્ય મંદિર (B)

5. 26 જાન્યુઆરી, 2023ના રોજ ગુજરાતમાં પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી કયા જિલ્લામાં કરવામાં આવી હતી ?
(A) નવસારી (B) ડાંગ (C) પાટણ (D) બોટાદ (D)

6. તાજેતરમાં શ્રી ક્રિસ હિપકિન્સ કયા દેશના વડાપ્રધાન બન્યા છે ?
(A) ન્યૂઝીલેન્ડ (B) ઓસ્ટ્રેલિયા (C) સ્કોટલેન્ડ (D) ફ્રાન્સ (A)

7. તાજેતરમાં પ્રસિદ્ધ આર્કિટેક શ્રી બાલકૃષ્ણ દોશીનું નિધન થયું છે. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. તેમનું પૂરું નામ શ્રી બાલકૃષ્ણ વિઠ્ઠલદાસ દોશી છે.
2. તેમને ભારત સરકાર દ્વારા પદ્મ વિભૂષણ, પદ્મશ્રી અને પદ્મ ભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
3. વર્ષ 2022માં તેમને આર્કિટેક ક્ષેત્રનો વિશ્વનો સૌથી મોટો એવોર્ડ 'રોયલ ગોલ્ડ મેડલ' એનાયત થયો હતો.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પદ્મ પુરસ્કાર - 2023



ભારતમાં દર વર્ષે 'પ્રજાસત્તાક દિન' નિમિત્તે પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ 'પદ્મ પુરસ્કાર' વિજેતાઓની જાહેરાત કરવામાં આવે છે.

- આ અંતર્ગત 25 જાન્યુઆરી, 2023ના રોજ વર્ષ 2023ના પદ્મ પુરસ્કાર માટે કુલ 106 મહાનુભાવોના નામની જાહેરાત કરવામાં આવી છે.
- જેમાં 6 વ્યક્તિઓની પદ્મ વિભૂષણ, 9 વ્યક્તિઓની પદ્મ ભૂષણ અને 91 વ્યક્તિઓની પદ્મશ્રી એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.
- વર્ષ 2023 માટેના પદ્મ પુરસ્કાર વિજેતાઓની યાદીમાં 19 મહિલાઓ તથા 2 ફોરેનર (NRI/PIO/OCI)નો સમાવેશ થાય છે.
- તેમજ વર્ષ 2023માં કુલ 7 વ્યક્તિઓને મરણોપરાંત આ એવોર્ડ એનાયત થયો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### પદ્મ વિભૂષણ 2023 વિજેતા મહાનુભાવો (6)

| ક્રમ | નામ | ક્ષેત્ર | રાજ્ય/દેશ |
|---|---|---|---|
| 1 | શ્રી બાલકૃષ્ણ દોશી (મરણોત્તર) | અન્ય–આર્કિટેક્ચર | ગુજરાત |
| 2 | શ્રી ઝાકિર હુસૈન | કલા | મહારાષ્ટ્ર |
| 3 | શ્રી એસ.એમ.કૃષ્ણ | જાહેર બાબતો | કર્ણાટક |
| 4 | શ્રી દિલીપ મહાલનાબીસ (મરણોત્તર) | ચિકિત્સા (મેડીસીન) | પ. બંગાળ |
| 5 | શ્રી શ્રીનિવાસ વરાધન | વિજ્ઞાન અને એન્જિનિયરિંગ | યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા |
| 6 | શ્રી મુલાયમ સિંહ યાદવ (મરણોત્તર) | જાહેર બાબતો | ઉત્તરપ્રદેશ |




Padma Vibhushan




Padma Bhushan




Padma Shri

## પદ્મ ભૂષણ 2023 વિજેતા મહાનુભાવો (9)

| ક્રમ | નામ | ક્ષેત્ર | રાજ્ય/દેશ |
|---|---|---|---|
| 1 | શ્રી એસ.એલ. ભૈરપા | સાહિત્ય અને શિક્ષણ | કર્ણાટક |
| 2 | શ્રી કુમાર મંગલમ | વેપાર અને ઉદ્યોગ | મહારાષ્ટ્ર |
| 3 | શ્રી દીપક ધર | વિજ્ઞાન અને એન્જિનિયરિંગ | મહારાષ્ટ્ર |
| 4 | સુશ્રી વાણી જયરામ | કલા | તમિલનાડુ |
| 5 | સ્વામી ચિન્ના જીયર | અન્ય–આધ્યાત્મિકતા | તેલંગાણા |
| 6 | કુ.સુમન કલ્યાણપુર | કલા | મહારાષ્ટ્ર |
| 7 | શ્રી કપિલ કપુર | સાહિત્ય અને શિક્ષણ | દિલ્હી |
| 8 | કુ. સુધા મૂર્તિ | સામાજિક કાર્ય | કર્ણાટક |
| 9 | શ્રી કમલેશ ડી. પટેલ | અન્ય–આધ્યાત્મિકતા | તેલંગાણા |

## પદ્મશ્રી 2023 વિજેતા (91)

વર્ષ 2023માં કુલ 91 મહાનુભાવોની પદ્મશ્રી પુરસ્કાર માટે પસંદગી થઈ છે.

- જેમાં રમત–ગમત ક્ષેત્રમાંથી શ્રી કે શનાથલઈબા શર્મા, શ્રી ગુરુચરણસિંહ અને શ્રી SRD પ્રસાદને એનાયત થયો છે.
- આ ઉપરાંત શ્રી રાકેશ ઝુનઝુનવાલા (મરણોત્તર), RRR ફિલ્મના સંગીતકાર એમ.એમ કીરાવણી, અભિનેત્રી રવિના ટંડન સહિત કુલ 91 મહાનુભાવો પદ્મશ્રી પુરસ્કારમાં સામેલ છે.

## પદ્મ પુરસ્કાર 2023 વિજેતા ગુજરાતી મહાનુભાવો

| ક્રમ | નામ | ક્ષેત્ર | પુરસ્કાર |
|---|---|---|---|
| 1 | શ્રી બાલકૃષ્ણ દોશી (મરણોત્તર) | અન્ય–આર્કિટેક્ચર | પદ્મ વિભૂષણ |
| 2 | શ્રી હેમંત ચૌહાણ | કલા | પદ્મશ્રી |
| 3 | શ્રી ભાનુભાઈ ચિતારા | કલા | પદ્મશ્રી |
| 4 | શ્રી મહિપત કવિ | કલા | પદ્મશ્રી |
| 5 | શ્રી અરીઝ ખંભાતા (મરણોત્તર) | વેપાર અને ઉદ્યોગ | પદ્મશ્રી |
| 6 | સુશ્રી હીરાબાઈ લોબી | સામાજિક કાર્ય | પદ્મશ્રી |
| 7 | પ્રો મહેન્દ્ર પાલ | વિજ્ઞાન અને એન્જિનિયરિંગ | પદ્મશ્રી |
| 8 | શ્રી પરેશભાઈ રાઠવા | કલા | પદ્મશ્રી |

નોંધ : (1) ગીરના ઘરેણું એવા સીદી મહિલા સુશ્રી હીરાબાઈ લોબીએ મહિલાઓને પગભર કરવામાં પોતાના જીવનનો બહુમુલ્ય સમય ખર્ચી નાખ્યો છે.

(2) સુશ્રી હીરાબાઈ લોબી ગીર સોમનાથ જિલ્લાના જાંબુર ગામના વતની છે. સિદી સમાજના વિકાસમાં તેમનો મોટો ફાળો છે. તેમણે ઉદ્દાત ભાવનાથી બાલવાડી સ્થાપી અને સિદી સમુદાયના બાળકોને ભણતર પૂરું પાડ્યું છે.

(3) આ ઉપરાંત તેમણે વર્ષ 2004માં મહિલા વિકાસ ફાઉન્ડેશન પ્રસ્થાપિત કરી અને સીદી મહિલા આત્મનિર્ભર બને તેવું ભગીરથ કાર્ય પણ કર્યુ હતું.

(4) અમદાવાદના શ્રી ભાનુભાઈ ચિતારાને તેમની 'માતાની પછેડી' નામની 700 વર્ષ જૂની કલા માટે પદ્મશ્રી એવોર્ડ માટે જાહેરાત કરવામાં આવી છે.

(5) છોટા ઉદેપુર જિલ્લાના શ્રી પરેશભાઈ રાઠવાએ આદિવાસી લોકકલા પીઠોરાની સાંસ્કૃતિક વિરાસત જાળવી રાખવામાં મહત્વનો ફાળો આપ્યો છે.

(6) પ્રોફેસર મહેન્દ્ર પાલનું વેટરનરી સાયન્સ ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતના સર્વોચ્ચ એવોર્ડ

- ભારતના સર્વોચ્ચ એવોર્ડ ક્રમશ : આ મુજબ છે :

(1) ભારત રત્ન, (2) પદ્મ વિભૂષણ, (3) પદ્મ ભૂષણ, (4) પદ્મશ્રી

## પદ્મ પુરસ્કાર

- પદ્મ પુરસ્કાર અંતર્ગત ત્રણ એવોર્ડનો સમાવેશ થાય છે :

| ક્રમ | એવોર્ડ | શા માટે એનાયત થાય છે ? |
|---|---|---|
| 1 | પદ્મ વિભૂષણ | કોઈ ક્ષેત્રમાં અમૂલ્ય યોગદાન માટે |
| 2 | પદ્મ ભૂષણ | કોઈ ક્ષેત્રમાં વિશિષ્ટ અને ઉલ્લેખનીય યોગદાન માટે |
| 3 | પદ્મ શ્રી | જીવનના વિવિધ ક્ષેત્રો સાહિત્ય, શિક્ષણ, કલા, વિજ્ઞાન વગેરેમાં વિશિષ્ટ યોગદાન માટે |

નોંધ : (1) ભારતમાં 'ભારત રત્ન પુરસ્કાર'ની સાથે 'પદ્મ પુરસ્કાર'નો પ્રારંભ પણ 1954થી જ થયો હતો.

(2) માર્ચ, એપ્રિલ 2022 દરમિયાન રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજનાર સમારોહમાં ઉપરોક્ત મહાનુભાવોને ભારતના રાષ્ટ્રપતિશ્રીના હસ્તે આ એવોર્ડ એનાયત થશે.

## ગુજરાતના નવા મુખ્ય સચિવ : શ્રી રાજકુમાર



ગુજરાતના નવા <u>મુખ્ય સચિવ</u> તરીકે <u>શ્રી રાજકુમાર</u>ની નિમણૂક કરવામાં આવી છે.

- તેઓ મુખ્ય સચિવ તરીકે <u>શ્રી પંકજ કુમારનું</u> સ્થાન લેશે.
- શ્રી પંકજ કુમારનો કાર્યકાળ **<u>31 જાન્યુઆરી</u>**ના રોજ પૂર્ણ થશે.
- શ્રી રાજકુમાર ઉત્તરપ્રદેશના બદાઉનના વતની છે. તેઓ <u>1987ની બેચના</u> <u>IAS અધિકારી</u> છે.
- તેમણે **IIT** કાનપુરથી ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ કરેલું છે. આ સિવાય તેમણે જાપાનના ટોક્યોથી પબ્લિક પોલિસીમાં માસ્ટર ડિગ્રી મેળવી છે.
- હાલમાં શ્રી રાજકુમાર ગૃહ અને ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ તરીકે સેવા આપી રહ્યા હતા.

નોંધ : (1) મુખ્ય સચિવ ભારતીય રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોની સિવિલ સેવાઓમાં સૌથી વરિષ્ઠ પદ છે.

(2) આ પોસ્ટ ભારતીય વહીવટી સેવાની કેડર પોસ્ટ છે.

(3) મુખ્ય સચિવ રાજ્યના વહીવટની તમામ બાબતોમાં મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર તરીકે કાર્ય કરે છે.

(4) મુખ્ય સચિવ ભારતમાં વરીયતા ક્રમ યાદીમાં 23માં ક્રમે છે.



| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | ભારતમાં વર્ષ 2023ના પદ્મ પુરસ્કાર માટે કુલ કેટલા મહાનુભાવોની પસંદગી કરવામાં આવી છે ? | | | | |
| | (A) 120 | (B) 106 | (C) 93 | (D) 6 | (B) |
| 2. | ભારતમાં વર્ષ 2023ના 'પદ્મ વિભૂષણ' પુરસ્કાર માટે કુલ કેટલા મહાનુભાવોની પસંદગી કરવામાં આવી છે ? | | | | |
| | (A) 4 | (B) 6 | (C) 8 | (D) 12 | (B) |
| 3. | ભારતમાં વર્ષ 2023ના 'પદ્મ ભૂષણ' પુરસ્કાર માટે કુલ કેટલા મહાનુભાવોની પસંદગી કરવામાં આવી છે ? | | | | |
| | (A) 9 | (B) 11 | (C) 17 | (D) 19 | (A) |
| 4. | ભારતમાં વર્ષ 2023ના 'પદ્મશ્રી' પુરસ્કાર માટે કુલ કેટલા મહાનુભાવોની પસંદગી કરવામાં આવી છે ? | | | | |
| | (A) 117 | (B) 103 | (C) 99 | (D) 91 | (D) |
| 5. | વર્ષ 2023માં ગુજરાતના કયા મહાનુભાવને પદ્મ વિભૂષણ એવોર્ડથી નવાજવામાં આવ્યા છે ? | | | | |
| | (A) શ્રી ખલીલ ધનતેજવી | | (B) શ્રી માલજીભાઈ દેસાઈ | | |
| | (C) શ્રી બાલકૃષ્ણ દોશી | | (D) શ્રી સ્વામી સચ્ચિદાનંદ | | (C) |
| 6. | ભારતમાં પદ્મ પુરસ્કાર તથા ભારત રત્ન પુરસ્કારનો પ્રારંભ ક્યારથી થયો હતો ? | | | | |
| | (A) 1954 | (B) 1956 | (C) 1958 | (D) 1960 | (A) |
| 7. | તાજેતરમાં ગુજરાતના મુખ્ય સચિવ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? | | | | |
| | (A) શ્રી પંકજ દેસાઈ | (B) શ્રી મેહુલ દેસાઈ | (C) શ્રી રાજકુમાર | (D) શ્રી સંજય પ્રસાદ | (C) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 28 જાન્યુઆરી, (1) ડેટા ગોપનીયતા દિવસ (Data Privacy Day) (2) શ્રી લાલા લજપતરાય જન્મજયંતિ

### ડેટા ગોપનીયતા દિવસ

ગોપનીયતા અંગે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે દર વર્ષે <u>28 જાન્યુઆરી</u>એ '<u>ડેટા ગોપનીયતા દિવસ</u>'ની ઉજવણી કરવામાં આવે છે.




- ગોપનીયતા એ તમામ વ્યક્તિઓ માટે ઓનલાઈન સુરક્ષા સુનિશ્ચિત કરવાનું એક માધ્યમ છે.
- આ દિવસ તમામ હિસ્સેદારોને ગોપનીયતા સંસ્કૃતિ વિકસાવવા માટે તેમની જવાબદારી નિભાવવા પ્રોત્સાહિત કરે છે.
- વર્ષ 2023ના ડેટા ગોપનીયતા દિવસની થીમ '<u>Think Privacy First</u>' છે.

### શ્રી લાલા લજપતરાય જન્મજયંતિ

28 જાન્યુઆરી એ શ્રી લાલા લજપતરાયજીની જન્મજયંતિ છે.



- ભારતીય સ્વાતંત્રતા ચળવળના અગ્રણી નેતા શ્રી લાલા લજપતરાયનો જન્મ 28 જાન્યુઆરી, 1865ના રોજ પંજાબના ફિરોજપુર જિલ્લાના દુધેખા ગામમાં થયો હતો.
- શ્રી લાલા લજપતરાય સ્વામી દયાનંદ સરસ્વતી અને આર્યસમાજના વિચારોથી ખૂબ પ્રેરિત થયા હતા.
- તેઓ વર્ષ 1894માં પ્રારંભિક તબક્કામાં પંજાબ નેશનલ બેંક અને લક્ષ્મી વીમા કંપનીની પ્રવૃત્તિઓ સાથે પણ સંકળાયેલ હતા.
- વર્ષ 1928માં ભારતની રાજકીય પરિસ્થિતિ વિશે અહેવાલ આપવા માટે બ્રિટિશ સરકારે સાયમન કમિશનની રચના કરી હતી. આ સાયમન કમિશન 3 ફેબ્રુઆરી, 1928ના રોજ ભારત પહોંચ્યું હતું. આ કમિશનનો સમગ્ર ભારતમાં વિરોધ થયો હતો.

- શ્રી લાલા લજપતરાયે સાયમન કમિશનના વિરોધમાં લાહોર ખાતે વિશાળ આંદોલન કર્યું હતું. આ આંદોલનમાં બ્રિટિશરોએ લોકો પર લાઠી ચાર્જ કર્યો હતો આ લાઠી ચાર્જમાં લાલા લજપતરાયજી ગંભીર રીતે ઘાયલ થયા હતા. ત્યારબાદ 17 નવેમ્બર, 1928ના રોજ મૃત્યુ પામ્યા હતા.
- પંજાબ કેસરીના નામથી જાણીતા શ્રી લાલા લજપતરાયે આઝાદીની લડતમાં ઘણા મોટા આંદોલનમાં નેતૃત્વ કર્યું હતું.

## સિંધુ જળ સંધિ (Indus Waters Treaty)

ભારતે જમ્મુ અને કાશ્મીરમાં કિશનગંગા અને રાતલે (ચીનાબ નદી પર) હાઈડ્રોપાવર પ્રોજેક્ટ પરના વિવાદોને ઉકેલવામાં પાકિસ્તાનની 'જડતા' દર્શાવીને સિંધુ જળ સંધિ (IWT)ની સમીક્ષા અને સુધારાની માંગ કરતી પાકિસ્તાનને એક નોટિસ જારી કરી છે.

- નોંધનીય છે કે આ નોટિસ સિંધુ જળ સંધિની કલમ IX દ્વારા પરિકલ્પિત વિવાદ પતાવટની ક્રમાંકિત પદ્ધતિના ભંગના પગલે મોકલામાં આવી હતી.

### સિંધુ જળ સંધિ



19 સપ્ટેમ્બર, 1960ના રોજ ભારત અને પાકિસ્તાન વચ્ચે સિંધુ નદીના પાણીની વહેંચણીના મુદ્દે સિંધુ સંધિ કરવામાં આવી હતી.

- તે સમયે ભારતના વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ અને પાકિસ્તાનના વડાપ્રધાન શ્રી આયુબખાન હતા.
- સિંધુ જળ સંધિ (Indus Waters Treaty) સિંધુ નદી અને તેની પાંચ ઉપનદીઓ સતલજ, બિયાસ, રાવી, ઝેલમ અને ચિનાબના પાણીના ઉપયોગ પર બંને પક્ષો વચ્ચે સહકાર અને માહિતીના આદાન–પ્રદાન માટે એક પદ્ધતિ નક્કી કરી છે.
- આ સંધિની મધ્યસ્થા 'આંતરરાષ્ટ્રીય પુનઃનિર્માણ તથા વિકાસ બેંક' એટલે કે વિશ્વ બેંકે કરી હતી.
- તે સમયે વર્લ્ડ બેંકના ઉપરાષ્ટ્રપતિ શ્રી ડબલ્યુ એ.વી. ઈલીફ હતા.
- આ સંધિ અનુસાર સિંધુ, ચિનાબ અને ઝેલમ નદીઓના 80% પાણીનો ઉપયોગ પાકિસ્તાન કરશે જ્યારે બાકીના 20% પાણીનો ઉપયોગ ભારત સિંચાઈ, જળવિદ્યુત અને પરિવહન માટે કરશે.
- આ ઉપરાંત અન્ય 3 રાવી, બિયાસ અને સતલજ નદીના પાણી પર સંપૂર્ણ અધિકાર ભારતનો છે.

નોંધ : (1) કિશનગંગા હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ ભારતના જમ્મુ અને કાશ્મીરના બાંદીપોરથી 5 કિ.મી. ઉત્તરમાં આવેલો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(2) તે એક રન–ઓફ–ધ રિવર પ્રોજેક્ટ છે જેમાં 37 મીટર ઊંચો કોન્ક્રીટ–ફેસ રોક–ફિલ ડેમનો સમાવેશ થાય છે.

(3) કિશનગંગા નદીમાંથી પાણીને ટનલ દ્વારા ઝેલમનદીના બેસિનમાં પાવરપ્લાન્ટમાં વાળવું જરૂરી છે. તેની સ્થાપિત ક્ષમતા 330 મેગાવોટ હશે. આ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટનું નિર્માણ 2007માં શરૂ થયું હતું.

(4) પાકિસ્તાને આ પ્રોજેક્ટ સામે વાંધો ઉઠાવતા કહ્યું કે તેનાથી કિશનગંગા નદી (પાકિસ્તાનમાં નીલમ નદી તરીકે ઓળખાય છે)ના પ્રવાહને અસર થશે.

## રાષ્ટ્રીય બાળ પુરસ્કાર 2023

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ 23 જાન્યુઆરી, 2023ના રોજ દિલ્હીમાં એક એવોર્ડ સમારંભમાં 11 બાળકોને 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર' એનાયત કર્યા હતા.

- નોંધનીય છે કે વડાપ્રધાન શ્રી દર વર્ષે રાષ્ટ્રીય બાળ પુરસ્કાર વિજેતાઓ સાથે વાર્તાલાપ કરે છે.




### રાષ્ટ્રીય બાળ પુરસ્કાર 2023 વિજેતાઓની યાદી

| ક્રમ | નામ | કેટેગરી | રાજ્ય |
|---|---|---|---|
| 1 | આદિત્ય સુરેશ | કલા અને સંસ્કૃતિ | કેરળ |
| 2 | આદિત્ય પ્રતાપસિંહ ચૌહાણ | નવીનતા | છત્તીસગઢ |
| 3 | અનુષ્કા જોલી | સમાજ સેવા | દિલ્હી |
| 4 | હનાયા નિસાર | રમતગમત | જમ્મુ અને કાશ્મીર |
| 5 | કોલાગતલા અલાના મીનાક્ષી | રમતગમત | આંધ્રપ્રદેશ |
| 6 | એમ. ગૌરવી રેડ્ડી | કલા અને સંસ્કૃતિ | તેલંગાણા |
| 7 | ઋષિ શિવ પ્રસન્ના | નવીનતા | કર્ણાટક |
| 8 | રોહન રામચંદ્ર બહિર | બહાદુરી | મહારાષ્ટ્ર |
| 9 | સંભ મિશ્રા | કલા અને સંસ્કૃતિ | ઓડિશા |
| 10 | શૌર્યજીત રણજીત કુમાર ખૈરે | રમતગમત | ગુજરાત |
| 11 | શ્રૈયા ભટ્ટાચારજી | કલા અને સંસ્કૃતિ | આસામ |

**નોંધ :** શ્રી શૌર્યજીત ખૈરે તાજેતરમાં યોજાયેલી નેશનલ ગેમ્સમાં <u>મલ્લખંભમાં</u> મેડલ જીત્યો હતો.

## પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર

પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર ભારતમાં રહેતા <u>5 થી 18 વર્ષની</u> વય જૂથના બાળકોને <u>6 કેટેગરીમાં</u> તેમની શ્રેષ્ઠતા માટે આપવામાં આવે છે.

- આ <u>6 કેટેગરી</u> નીચે મુજબ છે :

(1) કલા અને સંસ્કૃતિ

(2) બહાદુરી

(3) નવીનતા

(4) વિદ્વાન

(5) સમાજ સેવા

(6) રમત ગમત

- આ પુરસ્કાર મેળવનારને <u>મેડલ</u>, <u>એક લાખ રૂપિયાનું રોકડ પુરસ્કાર</u> અને <u>પ્રમાણપત્ર</u> એનાયત કરવામાં આવે છે.
- <u>મહિલા અને બાળ વિકાસ મંત્રાલય</u>ને દર વર્ષે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કારનું આયોજન કરવાની જવાબદારી સોંપવામાં આવી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



| | | |
|---|---|---|
| 1. | કયા દિવસને 'ડેટા ગોપનીયતા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે ?<br>(A) 26 જાન્યુઆરી (B) 27 જાન્યુઆરી (C) 28 જાન્યુઆરી (D) 29 જાન્યુઆરી | (C) |
| 2. | 28 જાન્યુઆરી એ કયા ભારતીય સ્વાતંત્ર્ય સેનાનીની જન્મજયંતિ છે ?<br>(A) શ્રી સુખદેવ (B) શ્રી લાલા લજપતરાય<br>(C) શ્રી ચંદ્રશેખર આઝાદ (D) શ્રી વીર સાવરકર | (B) |
| 3. | તાજેતરમાં 'સિંધુ જળ સંધિ' (Indus Water Treaty) ચર્ચામાં રહી હતી. ભારત અને પાકિસ્તાન વચ્ચે કયા વર્ષે 'સિંધુ જળ સંધિ' થઈ હતી ?<br>(A) 1960 (B) 1966 (C) 1968 (D) 1971 | (A) |
| 4. | 'સિંધુ જળ સંધિ' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?<br>(A) 19 સપ્ટેમ્બર, 1960ના રોજ ભારત અને પાકિસ્તાન વચ્ચે સિંધુ નદીના પાણીની વહેંચણી મુદ્દે સિંધુ સંધિ કરવામાં આવી હતી.<br>(B) આ સમયે ભારતના વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ અને પાકિસ્તાનના વડાપ્રધાન શ્રી આયુબ ખાન હતા.<br>(C) આ સંધિની મધ્યસ્થા 'વિશ્વ બેંકે' કરી હતી.<br>(D) ઉપરોક્ત તમામ સાચા | (D) |
| 5. | તાજેતરમાં એટલે કે વર્ષ 2023માં કેટલા બાળકોને 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યા હતા ?<br>(A) 8 (B) 11 (C) 14 (D) 17 | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગુજરાત

➤ **'રિકેલિબ્રેટ : ચેન્જિંગ પેરેડાઈમ્સ' અને 'એનર્જી સિક્યોરિટી આત્મનિર્ભર ભારત રોડમેપ-2022-2047' પુસ્તકોનું વિમોચન**



અમદાવાદમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના ઓડિટોરિયમ ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા નીતિ આયોગના ઉપાધ્યક્ષ શ્રી સુમન બેરીના હસ્તે વડાપ્રધાનશ્રીના મુખ્ય સચિવ ડો. પી.કે. મિશ્રા તથા નાણા પંચના પૂર્વ ચેરમેન ડો. એન.કે. સિંઘ લિખિત 'રિકેલિબ્રેટ : ચેન્જિંગ પેરેડાઈમ્સ' તથા ડો. કિરીટ શેલત, ડો ઓડેમેરી મ્બુયા અને ડો. સુરેશ આચાર્ય દ્વારા લિખિત પુસ્તક 'એનર્જી સિક્યુરિટી : આત્મનિર્ભર ભારત રોડ મેપ-2022-2047 'નું વિમોચન કરવામાં આવ્યું હતું. શ્રી પી.કે.મિશ્રાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે આ પુસ્તકમાં તેમણે પાંચ પ્રકરણ લખ્યા છે. બાકીના પ્રકરણો શ્રી એન કે સિંઘ સાહેબે પોતાના અનુભવો અને તલસ્પર્શી જ્ઞાનથી લખ્યા છે. 'રિકેલિબ્રેટ : ચેન્જિંગ પેરેડાઈમ્સ' પુસ્તક મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. આ પુસ્તક દેશને 5 ટ્રિલિયન ઈકોનોમી બનવામાં માર્ગદર્શક નીવડી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **PM કિસાન યોજના : ખેડૂતોને 6000ને બદલે 8000 રૂપિયા મળશે**




વપરાશને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્રીય પીએમ–કિસાન યોજના હેઠળ આગામી બજેટમાં ખેડૂતોને આવક સહાય 6000 રૂપિયા પ્રતિ વર્ષથી વધારીને 8000 રૂપિયા પ્રતિવર્ષ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. PM-કિસાન યોજના હેઠળ દરેક ખેડૂતોના DBT સાથે જોડાયેલ બેંક ખાતામાં હાલમાં ત્રણ સમાન હપ્તામાં વાર્ષિક રૂ.6000ની રકમ ટ્રાન્સફર કરવામાં આવે છે. યોજનાની શરૂઆત સમયે લાભાર્થીઓની સંખ્યા 31 મિલિયન હતી જે હવે 110 મિલિયનના આંકને વટાવી ગઈ છે. PM-કિસાન એ કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે, જોકે લાભાર્થી ખેડૂત પરિવારોને ઓળખવાની સમગ્ર જવાબદારી રાજ્ય/કેન્દ્ર સરકારોની છે આ યોજનાની શરૂઆત ફેબ્રુઆરી 2019માં થઈ હતી.

➤ **દેશની પ્રથમ હાઈડ્રોજન પાવર ટ્રેન**



દેશની પ્રથમ હાઈડ્રોજન પાવર ટ્રેન 119 વર્ષ જૂના કાલકા–શિમલા રેલ રૂટ પર ચલાવવામાં આવશે. વર્ષ 2008માં યુનેસ્કોએ કાલકા–શિમલા રેલ માર્ગને વર્લ્ડ હેરિટેજ સાઈટનો દરજ્જો આપ્યો હતો. આ ટ્રેન ચલાવવાની જાહેરાત કેન્દ્રીય બજેટમાં કરવામાં આવશે. તેના હાઈડ્રોજન કેન્દ્રો કાલકા, બોગ અને શિમલામાં પણ બનાવવામાં આવશે. આ ટ્રેનની ડિઝાઈન ફાઈનલ થઈ ગઈ છે. ટ્રેનનું સંચાલન 'ગ્રીન ફ્યુઅલ ક્લીન ફ્યુઅલ' થીમ પર આધારિત હશે. ખાસ વાત એ છે કે ટ્રેનમાં વંદે ભારત જેવી તમામ અત્યાધુનિક સુવિધાઓ હશે અને ટ્રેનમાં સાત કોચ હશે.

➤ **ભારતીય રેલવે 'શ્રી રામ-જાનકી યાત્રા' ભારત ગૌરવ ટ્રેન ચલાવશે**



ભારતીય રેલવેએ જાહેરાત કરી છે કે ભારતમાં અયોધ્યા અને નેપાળના જનકપુર તીર્થસ્થળોને જોડતા રૂટ પર આવતા મહિને તેની ભારત ગૌરવ પ્રવાસી ટ્રેન ચલાવશે.આ પહેલનો હેતુ દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવાનો અને બંને દેશો વચ્ચે સાંસ્કૃતિક સંબંધોને પ્રોત્સાહન આપવાનો છે. 'શ્રી રામ–જાનકી યાત્રા : અયોધ્યાથી જનકપુર' નામની આ યાત્રા 17 ફેબ્રુઆરીએ દિલ્હીથી શરૂ થશે અને નંદીગ્રામ, સીતામઢી, કાશી અને પ્રયાગરાજ જેવા અન્ય મહત્વપૂર્ણ સ્થળોને આવરી લેશે. આ યાત્રા જે સાત દિવસનું પેકેજ છે, તે 17 ફેબ્રુઆરીએ દિલ્હીથી શરૂ થશે અને ભગવાન શ્રી રામના જન્મસ્થળ અયોધ્યામાં તેનો પ્રથમ મુકામ થશે. પ્રવાસીઓ નંદીગ્રામમાં શ્રી રામ જન્મભૂમિ મંદિર, હનુમાન મંદીર અને ભારત મંદિરની મુલાકાત લેશે. ત્યાંથી ટ્રેન બિહારના સીતામઢી રેલવે સ્ટેશન જશે જ્યાં પ્રવાસીઓ બસ દ્વારા નેપાળના જનકપુર જશે, જે રેલવે સ્ટેશનથી 70 કિમી દૂર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ઓરી અને રૂબેલા**



ભારતે વર્ષ 2023 સુધીમાં ઓરી અને રૂબેલા (MR) નાબૂદ કરવાનું લક્ષ્ય નક્કી કર્યુ હતું. જે વિવિધ કારણોસર 2020ના અગાઉના લક્ષ્યાંકને પૂર્ણ કરી શક્યુ ન હતું. 2019માં ભારતે 2023 સુધીમાં ઓરી અને રૂબેલાને નાબૂદ કરવાનું લક્ષ્ય નક્કી કર્યુ હતું. અને અનુમાન લગાવ્યું હતું કે 2020 સુધીમાં લક્ષ્ય પ્રાપ્ત થઈ શકશે નહીં. ઓરી એ અત્યંત ચેપી વાયરલ રોગ છે અને વિશ્વભરમાં નાના બાળકોમાં મૃત્યુનું કારણ બને છે. તે 1 સેરોટાઈપ સાથે સિંગલ–સ્ટ્રેન્ડેડ, આરએનએ વાયરસ દ્વારા ઘેરાયેલા હોવાના કારણે થાય છે. જ્યારે રૂબેલા એક ચેપી, સામાન્ય રીતે હળવો વાયરલ ચેપ છે જે મોટા ભાગે બાળકો અને યુવાન વયસ્કોમાં થાય છે. તે રૂબેલા વાયરસથી થાય છે જે એક પરબિડીયુ સિંગલ–સ્ટ્રેન્ડેડ આરએનએ વાયરસ છે. તેને જર્મન મીઝલ્સ પણ કહેવામાં આવે છે.

➤ **ગ્રીન રેલવે સ્ટેશન પ્રમાણપત્ર**



ઈસ્ટ કોસ્ટ રેલવે હેઠળના વિશાખાપટ્ટનમ રેલવે સ્ટેશનને ગ્રીન કોન્સેપ્ટ અપનાવવા બદલ ઈન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ (IGBC) દ્વારા સર્વોચ્ચ પ્લેટિનમ રેટિંગ સાથેનું 'ગ્રીન રેલવે સ્ટેશન પ્રમાણપત્ર' એનાયત કરવામાં આવ્યું છે. આ પહેલ ઘણી હદ સુધી પ્રતિકૂળ પર્યાવરણીય અસરને ઘટાડવામાં મદદ કરી શકે છે. IGBC વિશાખાપટ્ટનમ ચેપ્ટરના પ્રમુખ ડો. એસ. વિજય કુમારે 24 જાન્યુઆરી, 2023ના રોજ વિશાખાપટ્ટનમમાં આયોજિત કાર્યક્રમમાં ડીઆરએમને પ્રમાણપત્ર અર્પણ કર્યુ હતું. વિશાખાપટ્ટનમ આ પ્રતિષ્ઠિત પ્રમાણપત્ર મેળવનાર દેશના કેટલાક મોટા રેલવે સ્ટેશનોમાંનું એક છે. વિશાખાપટ્ટનમે છ પર્યાવરણીય કેટેગરીમાં 100માંથી 82 અંક મેળવ્યા છે. ગ્રીન રેલવે સ્ટેશન રેટિંગ સિસ્ટમ ભારતીય રેલવેના પર્યાવરણીય નિર્દેશાલય દ્વારા IGBC સાથે મળીને વિકસાવવામાં આવી છે.

➤ **She Feeds the World કાર્યક્રમ**

પેપ્સીકો અને CAREએ ભારતમાં 'She Feeds the World' પ્રોગ્રામ શરૂ કર્યો છે. આ કાર્યક્રમનો હેતુ કૃષિ ક્ષેત્રમાં મહિલાઓને સશક્તિકરણ કરવાનો છે, જે મુખ્યત્વે નાના પાયાની મહિલા ઉત્પાદકો પર ધ્યાન કેન્દ્રિત કરશે. વિકાસશીલ દેશોમાં તમામ કૃષિ કામદારોમાં મહિલાઓ લગભગ અડધી છે અને પુરુષો કરતા દર અઠવાડિયે 13 કલાક વધુ કામ કરે છે. વિકાસશીલ દેશોમાં તમામ કૃષિ કામદારોમાં મહિલાઓ લગભગ અડધી છે અને પુરુષો કરતા દર અઠવાડિયે 13 કલાક વધુ કામ કરે છે. સંશોધન દર્શાવે છે કે જો ખેડૂતોને પુરુષોની જેમ સંસાધનોની સમાન એક્સેસ આપવામાં આવે તો તેઓ તેમની ખેતીની ઉપજમાં 20-30 ટકા વધારો કરી શકે છે, સંભવિતપણે વિશ્વમાં ભૂખ્યા લોકોની સંખ્યામાં 150 મિલિયનનો ઘટાડો કરી શકાય છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય પાકની ઉપજમાં વધારો, BPL પરિવારોની મહિલાઓની આવકમાં વધારો, તંદુરસ્તી અને સંતુલિત આહારની સુલભતા સુનિશ્ચિત કરવા તેમજ ટકાઉ ખેતી અંગે મહિલાઓને તાલીમ આપવાનો છે. શરૂઆતમાં આ કાર્યક્રમ પશ્ચિમ બંગાળના કૂચબિહાર જિલ્લા અને અલીપૂરદ્વાર જિલ્લામાં લાગુ કરવામાં આવશે. પેપ્સિકો અને CARE આ પ્રોગ્રામ દ્વારા 48,000થી વધુ મહિલાઓની સ્થિતિ સુધારવાનું લક્ષ્ય રાખે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ



### ➤ વર્લ્ડ પોપ્યુલેશન રિવ્યૂનો અંદાજ : વસતીમાં ભારત આગળ

વર્લ્ડ પોપ્યુલેશન રિવ્યૂ (WPR)ના આંકડા મુજબ ભારત ચીનને પાછળ છોડીને વિશ્વમાં સૌથી વધુ વસતી ધરાવતો દેશ બની ચૂક્યો છે. વર્ષ 2022ના અંત સુધીમાં ભારતની વસતી 1.417 અબજ હતી, જે ચીનની 4.12 અબજ વસતીથી 50 લાખ જેટલી વધારે છે. ચીને તાજેતરમાં વસતીના આંકડા જાહેર કરતા જણાવ્યું છે કે 1960ના દાયકા બાદ પ્રથમવાર વસતીમાં ઘટાડો જોવા મળ્યો છે. વર્લ્ડ પોપ્યુલેશન રિવ્યૂ દ્વારા એમ પણ જણાવાયું છે કે ભારતમાં વસતી વૃદ્ધિનો દર ઘટ્યો છે તેમ છતા કમ સે કમ 2050ના વર્ષ સુધીમાં ભારતની વસતી વધતી રહેશે. વર્લ્ડ પોપ્યુલેશન રિવ્યૂના અંદાજ પ્રમાણે હાલની સ્થિતિએ ભારતની વસતી 1.423 અબજ થઈ ચૂકી છે.

### ➤ યલો બેન્ડ રોગ

તાજેતરમાં વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું છે કે પૂર્વીય થાઈલેન્ડમાં પરવાળાઓ યલો બેન્ડ રોગથી પ્રભાવિત છે, જે સમુદ્રના તળના વિશાળ પટમાં પરવાળાને નષ્ટ કરી રહ્યા છે. યલો બેન્ડ રોગ, જે કોરલનો નાશ કરતા પહેલા રંગ બદલે છે, તે દાયકાઓ પહેલા પ્રથમ વખત જોવા મળ્યો હતો. તેણે કેરિબિયન ખડકોને વ્યાપક નુકસાન પહોંચાડ્યું છે. આ રોગનો કોઈ ઈલાજ નથી અને કોરલ બ્લીચિંગથી વિપરીત, કોરલ એકવાર આ રોગથી સંક્રમિત થયા પછી તેને પુનઃસ્થાપિત કરી શકાતો નથી. વૈજ્ઞાનિકો માને છે કે આબોહવા પરિવર્તનને કારણે વધુ પડતી માછીમારી, પ્રદૂષણ અને પાણીના તાપમાનમાં વધારો થવાથી ખડકો પીળા પટ્ટીના રોગ માટે વધુ સંવેદનશીલ બની શકે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

સામાન્ય વિજ્ઞાન

પરીક્ષાલક્ષી મહત્ત્વના 1650+ MCQs

- PSI-ASI, કોન્સ્ટેબલ, બિન સચિવાલય ક્લાર્ક, તલાટી, જૂનિયર ક્લાર્ક, GPSC, UPSC, SSC, BANK તથા તમામ સ્પર્ધાત્મક પરીક્ષા માટે અત્યંત ઉપયોગી પુસ્તક.
- આ પુસ્તકના લેખન દરમિયાન GCERT અને NCERTના પુસ્તકોનો મુખ્ય આધાર બનાવવામાં આવ્યો છે.
- જીવવિજ્ઞાનની અંદર સમાવિષ્ટ ટોપિક જેમ કે કોષ, પ્રાણી વિજ્ઞાન, મનુષ્યનું શરીર, રોગો, સૂક્ષ્મજીવો વગેરે...તથા ભૌતિક વિજ્ઞાનમાં એકમ, ગતિ, કાર્ય અને ઉર્જા, દબાણ, તરંગ, ધ્વનિ, વિદ્યુત વગેરે...તથા રસાયણ વિજ્ઞાનમાં ધાતુ-અધાતુ, એસિડ-બેઇઝ, પદાર્થ, આવર્ત કોષ્ટક જેવા તમામ ટોપિકમાંથી 1650+ MCQ તૈયાર કરવામાં આવ્યા છે.
- આ ઉપરાંત પર્યાવરણ, શોધ, શોધક, વૈજ્ઞાનિક સાધનો અને તેમના ઉપયોગો, ગુજરાત, ભારત અને વિશ્વના વૈજ્ઞાનિકોના પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.




આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને ICEONLINE.IN પર ઉપલબ્ધ છે.

1. શાંગ જુનચેંગ જે તાજેતરમાં સમાચારમાં હતા. તે કઈ રમત સાથે સંકળાયેલ છે ? – ટેનિસ

(તાજેતરમાં 17 વર્ષીય શાંગ જુનચેંગે ઓસ્ટ્રેલિયન ઓપનમાં મુખ્ય ડ્રો સિંગલ્સ મેચ જીતનાર પ્રથમ પુરુષ ચીની ખેલાડી બનીને ઈતિહાસ રચ્યો હતો.)

2. તાજેતરમાં કઈ રાજ્ય સરકારે અંધત્વ નિયંત્રણ માટે નીતિ લાગુ કરી છે ? – રાજસ્થાન

3. તિરુવલ્લુવર કઈ ભાષાના પ્રખ્યાત કવી છે ? – તમિલ

4. કયું કેન્દ્રીય મંત્રાલય MAARG (Mentorship, Advisory, Assistance, Resilience, and Growth) પ્લેટફોર્મ ચલાવે છે ? – વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય

5. તાજેતરમાં ચર્ચામાં રહેલ બલ્લવપુર વન્યજીવ અભયારણ્ય કયા રાજ્યમાં સ્થિત છે ? – પશ્ચિમ બંગાળ

6. લગભગ 8,50,000ના ઘટાડા સાથે કયા દેશની વસતી 61 વર્ષમાં પ્રથમ વખત ઘટી છે ? – ચીન

7. કઈ નાણાકીય સેવા કંપનીએ ભારતમાં તેના Girls4Tech પ્રોગ્રામના નવા તબક્કાની જાહેરાત કરી છે ? – માસ્ટરકાર્ડ

8. તાજેતરમાં ગુજરાત વિધાનસભાના વિપક્ષના નેતા તરીકે કોંગ્રેસ પક્ષે કોના નામની જાહેરાત કરી છે ? – શ્રી અમિત ચાવડા

9. ભારતીય સેનાએ કયા દેશ સાથે સંયુક્ત પ્રશિક્ષણ કવાયત 'Cyclone-1' શરૂ કરી છે ? – ઈજિપ્ત

10. શ્રીલંકાના 'ઋણ(લોન) પુનર્ગઠન કાર્યક્રમ'ને ટેકો આપનાર પ્રથમ દેશ કયો છે ? – ભારત

11. ભારત ફ્રેન્ડશિપ પાઈપલાઈન દ્વારા કયા દેશ સાથે ડીઝલનો પુરવઠો શરૂ કરવા જઈ રહ્યું છે ? – બાંગ્લાદેશ

12. ભોપાલ ઘોષણા જે તાજેતરમાં સમાચારોમાં હતી તે કઈ બેઠક પછી શરૂ કરવામાં આવી હતી ? – G20

13. હિમાચલ પ્રદેશ સ્થાપના દિવસ ક્યારે ઉજવવામાં આવે છે ? – 25 જાન્યુઆરી

14. કયું શહેર 'G20 વર્કિંગ ગ્રુપ ઓન એન્વાયર્નમેન્ટ એન્ડ ક્લાઈમેટ સસ્ટેનેબિલિટી' બેઠકનું યજમાન છે ? – બેંગ્લોર

15. કયા સશસ્ત્ર દળે સુરક્ષા વધારવા માટે 'ઓપ્સ એલર્ટ' (OPS Alert) કવાયત શરૂ કરી છે ? – બોર્ડર સિક્યુરિટી ફોર્સ

16. 'ઈન્ડિયા ઈન્ટરનેશનલ સાયન્સ ફેસ્ટિવલ'ની થીમ શું છે ? – Marching towards Amrit Kaal with Science, Technology and Innovation

INSTITUTE FOR COMPETITIVE EXAMS

17. કયા કેન્દ્રીય મંત્રાલયે સોશિયલ મીડિયા પર સેલિબ્રિટીઓ, પ્રભાવકો અને વર્ચ્યુઅલ પ્રભાવકો અને વર્ચ્યુઅલ પ્રભાવકો માટે માર્ગદર્શિકા **'Endorsements Know-hows'** બહાર પાડી છે ?

– ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય

18. કયો દેશ **'Fide World Championship 2023'**નું યજમાન છે ? – કઝાકિસ્તાન

19. આધુનિક સિંચાઈ વ્યવસ્થા ધરાવતી 'નારાયણ લેફ્ટ બેંક નહેર'નું ઉદ્દ્ઘાટન કયા રાજ્યમાં કરવામાં આવ્યું છે ?

– કર્ણાટક

20. કઈ સંસ્થાએ મ્યુનિસિપલ બોન્ડ્સ સંબંધિત માહિતીના ભંડાર સાથે માહિતી ડેટાબેઝ શરૂ કર્યો છે ? – **SEBI**

21. તાજેતરમાં સગીર છોકરીઓ સાથે લગ્ન કરનારા પુરુષોને સજા કરવા માટે કયા રાજ્યએ કડક કાયદા જાહેર કર્યા છે ?

– આસામ

22. સૌથી ગરીબમાંથી સૌથી ઝડપથી વિકસતા દેશોમાંના એક બનવા માટે વિશ્વ બેંક દ્વારા કયા દેશની પ્રશંસા કરવામાં આવી છે ? – બાંગ્લાદેશ

23. આધાર, **UPI, Digi Locker, Co-Win, Gem** અને **GSTN** જેવા ડિજિટલ ઉકેલોના જૂથનું નામ શું છે ?

– ઈન્ડિયા સ્ટેક

24. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'પર્સ સીન' કઈ રમત સાથે સંકળાયેલ છે ? – માછીમારી

25. કઈ સંસ્થા સરકાર વતી 'સોવરિન ગ્રીન બોન્ડ્સ' જારી કરે છે ? – **RBI**

26. સ્મારક મિત્ર યોજના પ્રવાસન મંત્રાલયમાંથી કયા મંત્રાલયને ટ્રાન્સફર કરવામાં આવી છે ? – સંસ્કૃતિ મંત્રાલય

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




# નકશા નં - 1




**નોંધ : હવે પછી દરેક ICE Magicમાં લાસ્ટ પેજમાં એક નકશો મુંકવામાં આવશે. જેમાં નકશા દ્વારા ભારતની ભૂગોળ, ગુજરાતની ભૂગોળ, સાંસ્કૃતિક વારસો જેવા વિષયોને નકશા દ્વારા સમજાવવામાં આવશે.**

"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT